PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue : 4, Year: 71, July 2025, Pages: 52, Price Rs. 7.00




આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧
મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨
સ્થાપના વિ. સં. ૧૯૬૨
ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪
Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જાન્યુઆરી -૨૦૨૫) સુધીમાં ૨૮૫૨૧ - જીવો છોડાવેલ છે.** તથા ઘાસ – ૯૦૮૬૦ કિલો, ગોળ – ૧૧૨૨૯ કિલો, કેરીનો રસ – ૬૦૦૦ કિલો, લાપ્સી – ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉજવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ (૧૦ મહિના) માં ટોટલ ૩૦૨૨ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

Bank Name : AXIS BANK LTD.
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820
IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai

Bank Name : BANK OF INDIA
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219
IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.)

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

**દાન એજ સફળ જીવન**

Advt.

# ઝાલાવાડનું ગૌરવ


## સફળ બિઝનેસ પર્સન, વાત્સલ્ય કુટુંબ પ્રેમી, ઉમદા સમાજ સેવાર્થી

## શ્રી ગુણવંતભાઈ દિપચંદભાઈ શાહ

એક સાહસિક બાહોશ સફળ બિઝનેસમેન સાથે સમાજ સમર્પિત ઉમદા સેવાર્થી શ્રી ગુણવંતભાઈ દિપચંદભાઈ શાહનું કુટુંબ - પરિવાર, સમાજ પ્રત્યેનું વાત્સલ્યતાથી ભીંજાયેલું ગુણવંતું વ્યક્તિત્વ રહયું છે. જેમના નામમાં જ ગુણનો ગુણવંતો વૈભવ શોભે છે. તેઓની ગુણ સભર ઉદાર ભાવનાઓ સાથેની સેવાઓ અને કાર્યોથી મહેંક્તું જીવન રહયું છે. બિઝનેસમાં સતત પ્રગતિનાં સોપાનો સર કરતા રહીને, સફળતાનાં શિખરે પહોંચવા સાથે કુટુંબ - પરિવારનાં સભ્યોને પણ પોતાના બિઝનેસમાં સમાવી લેવા સાથે સ્થાયી કરી ઉમદા સહયોગ આપનારા શ્રી ગુણવંતભાઈમાં એક અદ્‌ભુત કુટુંબ ભાવનાનાં દર્શન થાય છે. તેઓને **''જીડી''**નાં હુલામણા નામથી પણ એક વિશેષ ઓળખ રહી છે.

શ્રી ગુણવંતભાઈ, આપની પ્રેરક પ્રેરણા, અનુભવી માર્ગદર્શન સાથે આપનો પ્રથમ ધર્મભાવ એટલે સમાજ - કુટુંબ પ્રત્યેનાં વિશેષ પ્રેમ સાથેનો ઉમદા સમર્પણ ભાવ રહયો છે. આપના બીજા ભાવ સ્વરૂપ, આપનો શોખ અને આપનો જોશ સમું બિઝનેસમય આપનું જીવન રહયું છે. બિઝનેસમાં સતત કાર્યરત રહેતા આપનામાં હમેંશા ઉત્સાહ અને ઉમંગનો નિખાર જોવા મળે છે. અને બિઝનેસની સફળતાઓમાં તો આપના મનની પ્રફુલિતતા અને પ્રસન્નતાની મહેંક ખીલી ઉઠે છે.

શ્રી દિપચંદભાઈ મુળજીભાઈ શાહનાં સંતાનોમાં ૬ પુત્રોમાં સૌથી નાના પુત્ર શ્રી ગુણવંતભાઈ શાહની જન્મભૂમિ હારિજ અને કર્મભૂમિ મુંબઈ રહી છે. તેઓ મુંબઈમાં જયારે આવ્યા હતા એ સમયે તેઓને આર્થિક રૂપે



ખાસ કોઈનો સપોર્ટ ન હતો. શ્રી ગુણવંતભાઈએ પ્રાથમિક શિક્ષણ સુરેન્દ્રનગરમાં અને પોદાર કોલેજ માંથી કોમર્સમાં ગ્રેજ્યુએશન કરેલું છે. અભ્યાસની સાથે તેઓ પોતાની જરૂરીયાત અર્થે થોડું ઘણું નાનું - મોટું કામ સાઈડમાં કરતા હતા.

જીવનમાં શરૂઆતથી જ સંઘર્ષ સાથે શ્રી ગુણવંતભાઈએ સમજણ અને મહેનતથી આત્મબળે જીવનનું ઘડતર કરેલ હતું. શરૂઆતનાં આ સમય ગાળાની પરિસ્થિતિએ જીંદગીમાં તેમને ઘણું બધુ શીખવ્યું હતું. જે આગળ ઉપર તેમના જીવનની સફળતા માટેનું અનુભવનું શ્રેષ્ઠ ભાથું બની રહેતા તેઓને ખૂબ જ ઉપયોગી નિવડેલ. શ્રી ગુણવંતભાઈનાં જીવનસંગીની કોકીલાબેનનું પિયર સાયનમાં હતું. આમ સાયન હોસ્ટેલમાં રહેતા શ્રી

ગુણવંતભાઈનો કોકીલાબેન સાથે પરિચય થયો જે સહજતાએ પરિચય પાંગરતા લગ્ન જીવનમાં પરીણામિયો જે તેમણે વન રૂમ કિચનમાં રહીને તેઓનાં જીવનની શરૂઆત કરી જે તેઓનાં આત્મસંતોષ સાથેનું સુખી દામ્પત્ય જીવન બની રહ્યું. સ્વર્ગસ્થ શ્રી કોકીલાબેને જીવનની હરપળે શ્રી ગુણવંતભાઈનાં અર્ધાગ્નિ બનીને તેઓને ખૂબ જ ઉમદા સહયોગ આપેલ હતો.

સ્વર્ગસ્થ કોકીલાબેનનાં પિયર પક્ષે સાયન સ્થિત શ્રી અંબાલાલ દલછારામ શાહનાં સુખી પરિવારમાં કોકીલાબેનનો ઉછેર થયેલ હતો. સ્વ. શ્રી કોકીલાબેને સાસરા પક્ષે કુટુંબ - પરિવારને ખુબ જ સારી રીતે સાચવ્યો હતો. બધાને માટે ખૂબ જ સહયોગી બની રહેતા હતા. જેમ જેમ શ્રી ગુણવંતભાઈનો બિઝનેસ વિકસતો ગયો તેમ શ્રી ગુણવંતભાઈનાં ભાઈઓ બહેનોનાં પરિવારજનો માંથી ઘણાને અમુક મહિનાઓ સુધી પોતાને ત્યાં રાખીને, સાચવીને અને બધાને સેટ કરવામાં શ્રી ગુણવંતભાઈને સ્વ. શ્રી કોકીલાબેનનો ઉમદા સાથ, સહકાર અને સહયોગ રહયો હતો. તેઓએ કુટુંબ - પરિવારની દિકરીઓને પરણાવ્યા છે. કુટુંબ - પરિવારમાંથી લગભગ ૨૦ થી ૨૨ લગ્ન કરાવી આપવામાં પણ સ્વ. શ્રી કોકીલાબેનની મુખ્ય ભૂમિકા સમો ખૂબ જ ઉમદા સહયોગ રહયો હતો. કુટુંબ પરિવારમાં દિલથી ખુલ્લા મને સારો વ્યવહાર કરવા વાળો તેમનો ઉદારદિલ સ્વભાવ રહયો હતો. પરિવારમાં સૌથી નાના શ્રી ગુણવંતભાઈ હતા, પરંતુ કાર્યોથી જાણે કુટુંબનાં વડલા જેવા તેઓ હોય, તેવા તેમના કુટુંબ પ્રેમ સાથેનાં પરિવાર પ્રત્યેનાં ઉમદા કાર્યો રહયાં હતા. શિસ્તબદ્ધ પરંતુ તેમના માયાળુ સ્વભાવી શ્રી ગુણવંતભાઈ કુટુંબમાં સૌના પ્રિય પાત્ર રહયાં છે.

શ્રી ગુણવંતભાઈ અભ્યાસ બાદ બિઝનેસ ગ્રુપ શ્રી કિલાચંદ દેવચંદમાં જોબથી જોડાયા હતા. આ ગ્રુપની પ્રોડક્ટ હમામ સાબુનાં તેઓ સેલ્સમેન તરીકે રહયાં હતા. જેમાં તેઓને માર્કેટીંગ અર્થે મુંબઈ બાહરના બીજા રાજ્યોમાં મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ વગેરે જગ્યાએ જવાનું રહેતું હોવાથી તેમાં તેઓને ઘણું બધું શીખવા મળતું હતું. મનમાં શ્રી ગુણવંતભાઈનો ધ્યેય એજ રહેતો હતો કે મારે મારો પોતાનો બિઝનેસ કરવો છે. શ્રી કિલાચંદ દેવચંદ ગ્રુપ આગળ તેમણે પોતાનો બિઝનેસ શરૂ કરવાની ભાવના વ્યક્ત કરી અને તેમની શુભેચ્છાઓ સાથે પોતાના કેમીકલ બિઝનેસની તેઓએ શરૂઆત કરી અને કેમીકલ બઝાર એવા વડગાદી ખાતે તેઓનું અવારનવાર આવવાનું રહેતું હતું.

રૂપિયા ૨૦૦૦થી બિઝનેસની શરૂઆત કરનાર શ્રી ગુણવંતભાઈ મજબુત આત્મવિશ્વાસ સાથે બિઝનેસમાં આગળ વધતા ગયા. મસ્જીદ બંદર ખાતે પોતાની એક ઓફિસ લઈને **ક્રિસેન્ટ** નામથી કેમીકલનાં બિઝનેસને પ્રગતિનાં પંથે લઈ જઈને તેઓએ એક વિશાળ બિઝનેસ ક્ષેત્ર વિકસાવેલ છે. શરૂઆતમાં પોતેજ શેઠ અને પોતેજ સ્ટાફથી બિઝનેસની પગદંડીએ આગેકૂચ કરતા મહેનત સાથે મજબુત આત્મવિશ્વાસથી બિઝનેસને વિસ્તારીત કરતા રહયાં. બિઝનેસ અર્થે સવારમાં મુંબઈનાં લોકલ પરાઓમાં જતા તેમજ બહારગામ પણ પોતેજ બધે વિઝિટે જતા અને પાર્ટી સાથેનાં સીધા જ નજીકનાં સંબંધો વિકસાવતા જે તેમના બિઝનેસનાં વિકાસ માટે ફળદ્રુપ બની રહેતા હતા. બિઝનેસની શરૂઆતમાં શ્રી ગુણવંતભાઈ સાથે શ્રી કોકીલાબેનનો સહયોગ ઉલ્લેખનીય રહયો હતો. તેઓ બન્ને રોજ રાત્રે બિઝનેસની ચર્ચા - વિચારણા કરવા સાથે બન્ને બિઝનેસનાં પેમ્પલેટ બનાવતા હતા. આમ તેઓ બન્નેની એક સરસ બિઝનેસ કોર્ડિનેશન સમી આગવી

સ્વરૂપ શ્રી ગુણવંતભાઈનું વ્યક્તિ વિશેષ, આગવું ઉદાર વ્યક્તિત્વ રહયું છે. તેઓએ સ્વબળે જીવનનાં વિકાસનો - પ્રગતિનો પંથ કંડારી, તેને સફળતાનાં શિખરની મંઝીલે પહોંચાડનારા કુશળ ઘડવૈયા રહયા છે. તેઓનું સંપૂર્ણ જ્ઞાન હમેંશા બિઝનેસ અને સમાજ ઉપર રહેતું. એ સમયે મોટી કંપનીઓનાં એમડી, સીઈઓ વગેરે તેમની સલાહ લેવા માટે તેઓને બોલાવતા અને મળતા હતા. તેઓનું કેમીકલ એન્જીનીયર એવું કોઈ બેક ગ્રાઉન્ડ ન્હોતું. તો પણ હમેંશા પોતાની જાતે વાંચી, જાણી, શીખીને પોતાના નામનો વિકાસ કરતા રહેતા હતા. આ સમગ્ર પરિવાર પરોપકાર, માનવતા અને કર્મમાં આસ્થા ધરાવતો ઉમદા પરિવાર રહયો છે.

બિઝનેશની કુનેહ, કાબેલિયત અને ટેલેન્ટે સફળતાઓ હાસિલ કરતા તેઓ સુખ - સમૃધ્ધિ પામ્યા. વન રૂમ કિચનમાંથી હવે ચેમ્બુરમાં સ્વતંત્ર નિવાસ સમા બંગલામાં સ્થાયી થયેલ છે. મોટી મોટી ખ્યાતનામ ૧૪ થી ૧૬ કંપનીઓની પ્રોડકટની એજન્સીઝ લઈને તેઓએ એજન્સી બિઝનેસમાં પણ સફળતાઓ પ્રાપ્ત કરેલ છે. તેઓ પોતાની પ્રથમ ઓફીસ નરશી નાથા સ્ટ્રીટથી શરૂઆત કરેલ અને તેમાં પરિવારનાં સદ્સ્યો જોડાતા ગયા હતા. ત્યારબાદ અંધેરી ઈસ્ટમાં મિતલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ઓફીસ કરવામાં આવેલ. જ્યા આઈ.પી.સી.એલ.ની એજન્સી લઈ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝમાં પદાર્પણ કરતા પોલીમર્સનું કામ પણ શરૂ કર્યુ. જેમાં મોટા ભાઈ શ્રી રસિકભાઈ આ બિઝનેસ સંભાળતા હતાં. વડોદરા ખાતે પણ તેઓની ઓફીસ ૪૫ વર્ષથી આવેલી છે. તેમજ વડોદરામાં ૧૦ - ૧૨ વર્ષથી ક્રીસેન્ટ ઈનોવેટીવ પેકેજીંગ યુનીટ, લેટેસ્ટ, આધુનીક, ફુલ્લી ઓટોમેટીક મશીનરી સાથે ઉભુ કરવામાં આવેલું છે. ૨૦૦૯થી મુંબઈમાં કાલીના ખાતે વિન્ડસર બિલ્ડીંગમાં એક આખા ફલોરમાં તેઓની મોટી વિશાળ જગ્યામાં ઓફીસ સ્થળાંતર કરી છે.

શ્રી ગુણવંતભાઈ અને શ્રીમતી કોકીલાબેનનાં સુંદર પરિવારમાં તેમના પુત્ર શ્રી આશીતભાઈ - પુત્રવધુ શ્રીમતી કવીતાબેન તથા પુત્રીઓ શ્રીમતી સપનાબેન દિલીપભાઈ અને શ્રીમતી સેજલબેન નીતીનભાઈ છે. શ્રી આશીતભાઈ તેમના પિતાનાં બિઝનેસમાં છેલ્લા ૪૭ વર્ષથી કાર્યરત છે. શ્રી આશીતભાઈ તેમના પિતા શ્રી ગુણવંતભાઈને પોતાના આદર્શ અને માર્ગદર્શક માને છે. શ્રી આશીતભાઈ જ્યારે પિતા સાથે બિઝનેસમાં જોડાયા ત્યારે શ્રી ગુણવંતભાઈએ તેમને સીધું જ કંપનીમાં કોઈ પદ કે જવાબદારી નહિ સોપતા પોતાની જાતને સાબિત કરી એક એક સીડી ચડતા જવાની શીખ આપેલ હતી. શ્રી આશીતભાઈ પિતાનાં પડછાયામા નહિ રહેતા, પોતાના માટે કંઈક નવું ક્રિયેટ કરી, તેઓનું પોતાનું આગવું કાર્ય અને આગવી છબી બનાવેલ છે. તેઓએ પિતાના



જ બિઝનેસમાં કાંઈક આગળ વધીને દુબઈમાં ૨૫ વર્ષથી ૩૫ જણનો સ્ટાફ ધરાવતી ઓફીસ કરેલ છે. શ્રી ગુણવંતભાઈએ આશીતભાઈને બિઝનેસમાં સ્વતંત્રતા આપી પણ સાથે આશીતભાઈને જયારે જરૂર હોય ત્યારે માર્ગદર્શક બનીને ઉભા રહયાં છે. આશીતભાઈ પોતાને નસીબદાર માને છે કારણ કે તેમને જયારે પણ કાંઈ જરૂરીયાત ઉભી થાય કે કોઈ જાણકારી જોઈતી હોય તો ઘર આંગણે ગંગા રૂપ તેમના પિતા પાસેથી જાણકારી મળી રહે છે. આશીતભાઈએ એક્ષપોર્ટ શરૂ કરેલા અનો ઓવરશીઝ એજન્સીઓ સાથે તેઓએ ઈમ્પોર્ટ પણ શરૂ કરેલ છે.



શ્રી ગુણવંતભાઈ શાહનાં પૌત્ર અને શ્રી આશીતભાઈનાં પુત્ર એટલે શ્રી આદિત્ય શાહ તેમના દાદા શ્રી ગુણવંતભાઈ શાહનાં કાર્ય અને સ્વભાવનું જ હુબહુ પ્રતિબીંબ તરીકેની ઓળખાણ રહેલ છે. શ્રી આદિત્ય શાહ અને તેમના ધર્મપત્ની શ્રીમતી પલકબેને પણ પારિવારીક ભાવનાની પરંપરાનું સુંદર જતન કરેલ છે. શ્રી આદિત્ય શાહ માટે તેમના દાદા એટલે ફેમીલી મેન, વેરી ડિસીપ્લીન પર્સન, બિઝનેસ પાયોનિયર, ટોટલી પીપલ્સ પર્સન રહયા છે. દાદા એટલે લોક સંપર્કનો ગાઢ સેતુ. શ્રી આદિત્ય શાહ તેમના ફેમીલી બિઝનેસમાં નવીન વિચારો, લેટેસ્ટ ટેકનોલોજી સાથે જોડાઈને સફળતાની નવી ક્ષિતીજોને આંબી રહયાં છે.

શ્રી ગુણવંતભાઈ શાહે ૧૦ વર્ષ શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈનાં પ્રમુખ પદે રહીને ઉલ્લેખનીય ઉમદા સેવાઓ આપવા સાથે સમાજ માટે સુંદર કર્યો કરેલ છે. તેઓનાં પ્રમુખ પદનાં કાર્યકાળ દરમ્યાન લોનાવાલા સેનોટેરીયમ રીનોવેશન, પંચગીની સેનોટેરીયમ પ્રોજેકટ ડેવલોપમેન્ટ, દેવલાલી સેનોટેરીયમ પ્રોજેકટ સાથે અન્ય નાના મોટા પ્રોજેકટો સાકાર પામ્યા છે. તેમજ સમુહ લગ્ન, કેમ્પો વગેરે આયોજનો થયેલ છે. શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થા. જૈન મંડળની ૧૯૮૧માં સ્થાપના થઈ ત્યારથી તેઓ કાર્યરત હતા. ત્યારબાદ ઘાટકોપર મંડળનાં પ્રમુખ પદે રહીને મંડળની સોવાકિયા પ્રવૃતિઓને ચાર ચાંદ લગાવ્યા છે. મંડળની ૨૦૦૦ સ્કેવર ફુટની ઓફીસ લેવામાં તેઓનું મોટું યોગદાન રહયું છે. ગ્રુપીઝમ નહિ થવા દઈને સૌને એકજૂટ રાખવાનાં તેઓનાં સફળ પ્રયાસો સરાહનીય રહયાં છે. ડાઉન ટુ અર્થ સરળ સહજ વ્યક્તિ સ્વરૂપ તેઓનાં વ્યવહાર - કાર્યો પ્રસંશનીય રહયાં છે.

શાહ પરિવાર ખૂબ જ સારૂં સ્વાસ્થ્ય પામે તેમજ તન, મન અને ધનથી સ્વસ્થ અને સમૃદ્ધ બની રહીને સમાજ ઉત્કર્ષ અને વિકાસનાં કાર્યોમાં ઉમદા સહયોગી બની રહે તેવી શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ તેઓને હૃદયભાવે શુભકામનાઓ આપવા સાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

સંકલન : ઉપેન્દ્રભાઈ શાહ - ૯૮૬૯૩૬૧૪૧૧




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જુલાઈ ૨૦૨૫
વર્ષ : ૭૧ : : અંક : ૪
: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહન ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# મેઘ

મેઘરાજા, તમને મોકલી રે કંકોત્રી
આ સૂકી ધરતીને નવાજો રે,
ધરતી પુતર તારી જુએ છે રાહ રે
પંખી, પશુના હૈયેથી નીકળે રે આહ રે

માનવીના દિલે પરસેવાના નીર રે.
ધરતીમા (સૂકી) પાસે નથી આંસુના નીર રે.
કાળો તે કેર ના વરતાવે તું વીર રે.
કરો અમિવર્ષા આ ધરતીને શીર રે

ત્યાં... તો....
વીજળી રાણી તણા ઝબૂક્યા તેજ રે.
વાદળીઓના વાગ્યા ઢોલ તણા વેણ રે.
મેઘધનુષે પહેરી સપ્તરંગી સાડી
મેઘરાજાને પોંખે આ ધરતી રે માડી

ઓ... હો વાહ
વરસીઆ મેઘરાજા મોતીડે મેહ રે
ફૂટી ધરતી માને હૈયે, સોનાની (કૂંપળ) સેહ રે.
ધરતી પુતર શિરે, અન્નની તે મહેર રે.
પ્રભુ, ના વરસાવો, આ દેશ પર કેર રે.
પ્રભુ, વરસાવો, આ દેશ પર મહેર રે

**- વિમળા ધીરૂભાઈ શાહ**

# અમારા માધવકાકા

**છોટુભાઈ જો. ભટ્ટ**

અમારા માધવકાકા આખા ગામમાં જાણીતા. કંઈ પણ કામ આવી પડે, તો તે તુરત કહે : ''તમે બધાં ખસી જાઓ, મને તે કરવા દો !'' એક દિવસ મારા દાદાની છબી જડાઈને આવી, એટલે રાધાકાકીએ પૂછ્યું, ''આ છબીને ઊંચે કેવી રીતે ટિંગાવશું ?'' માધવકાક તરત બોલી ઊઠ્યા, ''ઓહો, એમાં તે શું કરવાનું છે ? એ હું કરી લઈશ. તમારે તેની ચિંતા કરવી નહીં.''

એટલું બોલીને તેમણે કોટ ઉતાર્યો. પોતાના નવ-દસ વરસના દીકરા રમણને બોલાવ્યો અને કહ્યું : ''બેટા રમણ, જરી દોડ ને પાસે બજારમાંથી ચાર આનાની ખીલીઓ લઈ આવ તો.'' ચાર આની લઈને રમણ ઊપડ્યો. તેને ગયે બેત્રણ મિનિટ થઈ, અને તેમણે મનુને બોલાવીને કહ્યું, ''અરે ઓ મનુ, બેટા, જરા દોડ તો ! રમણને કહેતો આવ ને કે અરધા ઈંચિયા ખીલીઓ લાવે.''

મનુ ગયો અને કાકાએ કામની શરૂઆત કરી. ''અરે, અહીં કોણ છે ? અરે, ઓ કનુ, પેલી ઓજારોની પેટીમાંથી મારી હથોડી લાવ તો ! અને બેટા શાંતા, કોઠારમાંથી કોઈ મને સ્ટૂલ આણી આપો તો ! સ્ટૂલ સાથે નિસરણી પણ કદાચ જોઈશે. જોને, બેટા નારણ, તું આપણા ગોવિંદકાક પાસે જા ; કહેજે કે, મારા બાપુએ તમારી તબિયતના ખબર પૂછવા મોકલ્યો છે. અને પછી એની નિસરણી માગજે. જા, જલદી દોડ !... અને ઓ સુશીલી, તું અહીં જ રહેજે ; જોજે, કંઈ બહાર જતી ! તારે મને દીવો ધરવો પડશે. આ ભીંત ઉપર બહુ અંધારું પડે છે.''

એટલામાં રમણ ખીલીઓ લઈને આવ્યો. તેને માધવકાકાએ કહ્યું, ''બેટા, જરા બજારમાં ફરી દોડને ! સૂતરની મજબૂત દોરી લાવવી પડશે... અરે, પેલો કનવો ક્યાં જતો રહ્યો ? આ હમણાં મને નિસરણી ઉપર છબી કોણ આપશે ? એક જણ તો છબી આપવા જોઈશે ને ?''

આ બધી ધમાલ પછી ખીલી, હથોડી, નિસરણી, સ્ટૂલ, દોરી બધું આવ્યું અને



માધવકાકાએ છબી ટિંગાડવાનું મહાભારત કામ આરંભ્યું. બધા આજુબાજુ વીંટળાઈ આવ્યાં. એક જણે નિસરણી પકડી રાખી, અને કાકા ઉપર ચડ્યા. કનુએ કાકાના હાથમાં છબી આપી, અને એ ભીંત ઉપર કેવી મજાની શોભશે એમ વિચારતા હતા, એટલામાં તો તેમના હાથમાંથી એ પડી ગઈ અને તેનો કાચ ભાંગી ગયો. એક પણ શબ્દ બોલ્યા વિના માધવકાક નીચે ઊતર્યા, પણ કાચના એક મોટા ટુકડાને કાઢવા જતાં આંગળી કાપી બેઠા.

ભગભગ લોહી નીકળવા લાગ્યું. લોહી, અને તેમાંયે પોતાનું લોહી, જોઈ કાકાને ચક્કર આવવા જેવું થયું. આંગળીએ પાટો બાંધતાં અર્ધો કલાક ગયો. નવો કાચ મંગાવ્યો અને તે આવતાં બીજો અરધો કલાક થયો. માધવકાકાએ ફરીથી આ મહાન કામનો આરંભ કર્યો. નિસરણી, સ્ટૂલ અને ઓજારો, ફાનસ અને ફૂટપટ્ટી - બધાં સાધનો તૈયાર કર્યાં. બે જણાંએ નિસરણી પકડી રાખી, અને કાકા પગથિયાં ચઢવા લાગ્યા. એટલે ત્રીજાએ તેમને ટેકો આપવા માંડ્યો. ચોથાએ તેમને ખીલી આપી. પાંચમાએ હથોડી આપી અને છઠ્ઠાએ ફાનસ રાખ્યું. પણ એટલામાં તો કાકાના હાથમાંથી ખીલી પડી ગઈ. બેત્રણ જણાં ખીલી શોધવા લાગ્યાં. તેમાં જરા વાર થઈ, એટલે માધવકાકા ઉપરથી તડૂકવા લાગ્યા : ''તમે લોકોએ આ શું ધાર્યું છે ? શું મને આખો દિવસ આમ ઊભો રાખવો છે ? એક ખીલી શોધતાં કેટલી વાર ?'' કાકાએ સપાટો લગાવ્યો, એટલે બધાં ઊલટાં ગભરાયાં.

છેવટે ખીલી જડી. કાકાએ તે હાથમાં લીધી - ત્યાં તો હથોડી ન મળે ! એટલે માધવકાકાનો મિજાજ ફરી ગયો : ''આટલાં સાત-આઠ જણાં અહીં છે, અને મેં હથોડી ક્યાં મૂકી દીધી એટલુંય તમને કોઈને ભાન રહેતું નથી ? તમારાથી તો તોબા !'' છેવટે નિસરણીના પગ પાસેથી તે મળી આવી. કાકાએ તે હાથમાં લીધી. પણ ત્યાં તો, ખીલી ક્યાં લગાવવી તે માટે દીવાલ પર કરેલી નિશાની કાકા ભૂલી ગયા. ફાનસના પ્રકાશમાં તે ધારીધારીને જોવા લાગ્યા, પણ નિશાની દેખાય જ નહીં. પછી અમે કહ્યું કે, ''કાકા, તમે નીચે ઊતરો, અમે તે શોધી કાઢશું.''

એક પછી એક અમે તે શોધવા લાગ્યાં. દરેક જણ જુદી જુદી જગાએ તે બતાવવા લાગ્યું. એટલે માધવકાકા ફરીથી ગર્જી ઊઠ્યા : ''તમે બધાં તે કેવાં અણઘડ આદમી છો ! તમને ન જડે ખીલી, ન જડે હથોડી, કે ન જડે ભીંત પરની નિશાની. ચાલો, ઊતરો નીચે ! તમે જિંદગીમાં શું ધોળવાનાં છો !''

જેમતેમ કરીને નવેસર નિશાની કરી, પછી કાકા કહે, ''ચાલ મનુ, લાવ પેલી ખીલી ને હથોડી.'' અને નિશાની પર ખીલી મૂકી કાકાએ હથોડીનો ફટકો માર્યો, પણ ખીલ આડી થઈ ગઈ અને આજુબાજુનું પ્લાસ્ટર ઊખડી ગયું. તે જોઈ કાકા બૂમ મારી ઊઠ્યા : ''કેવું હલકું પ્લાસ્ટર માર્યું છે ! આવા કડિયાને તે કોણે રોક્યો હશે ! ચાલ, કનુ, બીજી ખીલી લાવ. પણ હવે તો નિશાનીથી જરાક નીચે લગાવવી પડશે.''

હવે કાકાએ ધીમે ધીમે ખીલી ઠોકી. તે બરાબર ઠોકાઈ ગઈ. અને ત્રણ-ચાર કલાકની ધમાલને અંતે કાકાએ છબી ભીંત પર લટકાવી. અમારા બધાં તરફ ગર્વથી જોતા જોતા તે નીચે ઊતર્યા અને કહેવા લાગ્યા, ''કેમ, લટકાવી આપીને છબી ! આ તમારા માધવકાકા કંઈ જેવાતેવા છે ?''

❖❖❖

# રોટલો



ઝવેરચંદ મેઘાણી

ગુજરાતના હાલાર પંથકના એક ગામમાં સંધ્યાએ કસુંબલ ચુંદડી ધારણ કરી આકાશને માંડવે પથારીવાળી છે એવી રુંજયુ પુંજ્યુ વેળાએ અજાણી ભોમકાના એક આદમીએ આ ગામની બજારમા પગ મુક્યો.

ઘેરદાર ચોરણો ઉપર આછી પછેડીની ભેંટ્ય પાસાબંધી કેડયું ઉપર ચોવીસ આંટાની ગોળ પાઘડી દાઢીમુછના કાતરામાં કાબરચીતરી પ્રોઢતા કળાય છે પણ, ચહેરાની ચામડીની રતાશ એના સુખીપાને છતી કરે છે.

ગામના નગરશેઠ સાંજવેળાના ઘરાકને સાચવતા ખાતાવહી રોજમેળ અને ઘડીયુ જેવા ચોપડાને ઉથાપતા જાય છે અને નામું ખતવતા જાય છે. ગામમાં શેઠનો કરીયાણા ગાંધીયાણાનો બહોળો વેપાર... અને ગામના દાનસ્તા વેપારીની એની છાપ... એટલે સાંજના હટાણાની ઘરોકોની ધીંધ જામી છે.

'શેઠ...!!' ઘરાકોની ઘેરામાંથી પેલો પાઘડીવાળો આદમી આગળ આવીને બોલ્યો 'એક જણને થાય એટલું સીધુ તોળી દ્યો ને!!'

સાવ અજાણ્યોસ્વર સાંભળીને શેઠની નજર દુકાનના બારસાખ ભણી મંડાણી ચોપડામાં વચ્ચે ટચલી આંગળી ટેકવીને ચશ્માને ખુણેથી ઉંચી થયેલી એક જ નજરે આંગતુકના ગજને માપી લીધો.

પગથી માથા સુધીના પહેરવેશ અને ચહેરાની સુરખી ઉપરથી ચતુર વણીકે અનુમાન કર્યું કે આ માલધારી સોરઠનો જ હોવો જોઈએ.

'આમ કેણી'પાથી આવો છો ભાઈ?' શેઠે આગંતુકની ઉપર માયાભરી આંખ ટેકાવી' બૌ આઘેથી શેઠ ગીરના નેહડેથી' આવતલે ટુંકો જવાબ આપ્યો.

'ઓ હો અમારા હાલારમા?'

'હા બળદો વેંચવાના હતા'

'વેંચાઈ ગયા?'

'હા'

'જ્ઞાતી એ?'

'દેવી પુતર છું મારુ નામ સામતભા'

હવે શેઠ ગાદીએથી ઉભા થયા

'આ પંથકમાં કોઈ સગું સાગવુ છે ભાઈ?'

''સગુ તો માતાજીનું નામ શેઠ .. પણ રાંધતા આવડે છે હો'' કહીને ચારણ હસી પડ્યો.

'અરે દેવીપુતરને હાથે રાંધવું પડે..?'

શેઠે ચોપડાની દોરો બાંધી અને પોતાના દીકરાની સામુ જોયુ, સંસ્કારી વાણીયાનો દીકરો આંખની ભાષા સમજી ગયો.

'હા બાપુજી હમણા કે'વરાવી દઉ.'

દીકરાએ હળવુ હસીને ટુંકમાં જવાબ આપ્યો.

શેઠે સામતભાનો હાથ પકડયો.

'ભગવાનની દયા છે. ગઠવી આજ વાળુ મારે ઘરે કરવાનું છે અને રાતવાસો પણ, સવારે તમતરમારે સુખેથી નીકળજો'

ગઢવીને શેઠની વાણીમા આખા હાલારની ખાનદાની દેખાણી આ પંથક એને હરખોળો ભાસ્યો, પરાણે બાવડું પકડીને શેઠ આ ગઢવીને પોતાને ઘરે લઈ ગયા.

વિંધાવડ જેવડા ફળીમા દશેક ભેંશુ બાંધેલી હતી. એક ઓસરીયે ચાર મોટા ઓરડા વેપારવાણજની સાથે શેઠનો દુધ-ઘીનો પણ મોટો વહીવટ ચાલતો હશે. એવુ લાગ્યુ. ફળીયામા ઢોલીયા ઢળાયા, ઘડકલા પથરાય ગયા. ભેંશુ દોવહાણી અને શેઠ ગઢવી સાથે વાળુ કરવા બેઠા. ઘીમા તરબોળ બાજરાના સોડમદાર રોટલાને છલકતી તાંસળીમા દુધ પીરસાણા.

શેઠ જમતા-જમતા ઉભા થાય અને ગઢવીની તાંસળીમા પરાણે દૂધ પીરસે દીકરા પણ તાણ્ય કરે. બારસાખે ઉભા શેઠાણી પણ આગ્રહ કરે' નિરાંતે વાળુ કરજો હો ભાઈ, દેવી પુતર અમારે આંગણે ક્યાંથી!!'

આમ વાળુ પાણી પરવારી ગઢવી અને શેઠે ફળીયામા ઢોલીયે આવી દેહને લંબાવ્યા, પોત-પોતાના પંથકની અને સુખદુ:ખની આડી-અવળી વાતો કરી પછી સુખરાત કરી.

સવારમાં જાગ્યા ત્યારે.. અજાણ્યાપણું ઓગળી ગયુ હતુ. હાલતી વેળાએ ગઢવીએ શેઠાણીના હાથમા પાંચ રૂપીયા આપીને 'લો બોન આ મારુ કાપડું.' થોડી આનાકાની પછી શેઠાણીએ રૂપીયા તો લીધા પણ ફરી પાછા આવવાનું વચન લીધું. (પાંચ રૂપિયા એ સમયે સાવ નાની રકમ નહોતી)

'બોન તમારે ઘરે ભાણા ભાણીના લગ્નમા જરૂર આવીશ, જય માતાજી' કરી ગઢવી પંથે પડ્યા.

સામત ગઢવી નેહડે આવ્યા સમય વિતતો રહ્યો અને આ વાત ઉપરથી પંદર વરસના વાણા વીતી ગયા.

ગીરના જંગલ ગાજે છે, ઝાડે ઝાડ પાને પાન પહાડે પહાડ નદીએ નજી સાંજ વેળાએ ટાઢાપહોરના ગીત ગણગણે છે. વંકીધરાના આબડખુબડ રસ્તાઓ અને ઢોળઢોળાવને પાર કરતા વીસેક જેટલા જાનના ગાડા દણેણ.. દણેણ.. ચાલ્યા જાય છે. જાનની હારે પાંચ વળાવીયા સીપાઈ છે, ગીતો ગવાઈ છે. વાતોની ઝકોળ બોલે છે. નદીના

વહેણમાંથી અને ઝાડીઓની બુહડમાંથી આવતો ઠંડો પવન વાતાવરણને પ્રફુલ્લીત કરી રહ્યો છે જાનૈયા અને જાનડીઓના લગનનો ઉમંગ ગીરની રળીયાતની જાણે વાર્તા માંડી રહ્યો છે. અને એકોક બધુ થંભી જાય છે.

ધરતીના પેટાળમાંથી ફુટયા હોય એવા વીસેક લુંટારા ભેખડ ઉપરથી ધસી આવ્યા ને ગાડાને ઘેરી વળ્યા. 'ઉભા રાખો ગાડા!' ની ત્રાડ પડીને ગાડા હાંકનારા થથરી ઉઠયા.

વરરાજ સાથે સૌથી આગળના ગાડે બેઠેલા શેઠ હજુ તો કાંઇ વિચાર કરે એ પહેલા એને લમણે બંદુકનું નાળચું આવ્યુ 'કયાની જાન છે એલા!'

લુંટારાનો કરડાકી ભરેલો સ્વર ગીરના ખાખરાના ઝાડવાની ડાળીઓમાં ભરાઇને વિખરાય ગયો.. 'હાલાર પંથકના સરપદડ ગામની છે બાપુ' શેઠની પાઘડીના આંટા ડોકમા આવી ગયા. 'એલા એઇ વળાવીયા! હથીયાર મુકી દ્યો નિકર શેઠને આ વરરાજાના માથા ગોળીથી વીંધાઈ જાશે.'

વળાવીયા લાચાર બની જોતા રહ્યા. ચાર લુટારાએ પછેડી પાથરી રાખી એમા જાનૈયાના ઘરેણા માંડ્યા પડવા કોઇ પાસે વાલની વાળી પણ બચી નહી, વરરાજા માટે રાજદરબારમાથી લાવેલા હિરામોતીના કિંમતી ઘરેણા પણ લુટારાએ આંચકી લીધા. આખી જાન કકળી ઉઠી કારણકે શેઠની તમામ મિલકત વેંચાઇ જાય તો પણ રાજદરબારના એ ઘરેણાની કિંમત ચુકવાઇ એમ નહોતી.

શેઠ સહીત સૌના મોઢા કાળા ઠણક થઇ ગયા, લુંટારા ઘરેણાંના પોટલા ચડાવીને ઘોડે પડી જંગલમાં અદ્રશ્ય થયા, મોટી ધાડ પાડીને હરખાતા લુંટારા જંગલના આડબીડ રસ્તે નિરાંતે ચાલ્યા જાય છે. એમા પાછળથી સાદ સંભળાયો.. 'એલા કેણી પા!'

લુંટારાએ જોયુ તો, કરોડપાણા નેસનો મોભાદાર ગઢવી સામતભા હાથમા ડાંગ રમાડતો નજીક આવતો દેખાયો. આ સામતભા કો'કવેળા અસુરા નેસડે આવેલા ભુખ્યા દુખ્યાને પુછતો નહી કે, તમે કોણ છો અને રોટલો આપતો સામતભાની રોટલાની રખાવટથી લુંટારા વાકેફ હતા અને, અંતરીયાળ ગીરમા સામતભાનું ઝુંપડું અન્નપુર્ણાના આશ્રમ સમાન હતું. આ લુંટારાએ પણ ઘણીવાર પોતાના પેટની આગ શેકી હતી એટલે ગઢવી પાસે છુપાવવાનો કોઇ અર્થ નહોતો.

'મોટો હાથ માર્યો છે ગઢવી! વાણીયાની જાન હતી'

'વાણીયાની જાન?' ગઢવીને કપાળે કરચલી પડી 'કયા ગામની?'

'હાલાર પંથકના સરપદડની'

'હેં..' સામતભા સમસમી ગયા.. 'ઈ તો મારા ભાણાની જાણ!'

'રાખો રાખો સામતભા નાતે વાણીયા વેપારીને પાછા કયા આવ્યુ સરપદડ ઇ વળી તમારો ભાણો કયાનો એવો કયો નાતો?'

'રોટલાનો ભાઈ રોટલાનો!'

ખરે ટાણે જે આ પેટની આગ ઠારે એની હારે સંબંધમાં નાત-જાત નો આવે અને ઈ શેઠાણી તો મારા ધરમના બોન મારે કાપ્ડુ કરવું પડે..'

'કીક ફોડ પાડો ગઢવી.' અને ગઢવીએ પંદર વર્ષ પહેલાની વાળુ વાળી રાતની વાત કરી... વાત સાંભળીને લુટાંરાની કઠણછાતીમાં પણ પરપકારની સરવાણી ફુટી... સામતભાને ખભે હાથ મુકીને લુટાંરો બોલ્યો... ''વાત જો રોટલાના રખાવટની હોયને ગઢવી. તો, કોક'દી વેળાકવેળા રોટલો તો મે પણ તમારો ખાધો છે. ભલે તમને ખબર નઈ હોય પણ ઉપરવાળાએ આજ મને રોટલાનું ઋણ અદા કરવાની વેળા આપી છે ઈ કેમ જાવા દઊ...? લ્યો આ તમારા ભાણાની જાનના ઘરેણા જાવ...સોંપી દો...''

ઘરેણાનું પોટલુ આપીને લુંટારા ગીરની ઝાડીઓમાં ઓગળી ગયા.

ઉતરેલે મોઢે..ધીમે ધીમે ચાલતી જાનના ગાડા...ગીરના ઉબડખાબડ રસ્તે..હવે હોશ વગરના ચાલ્યા જાય છે થોડીવાર પહેલાનો ઊંમગ અને ઉસરંગ ઓગળી ગયો છે બળદોનો ઘુઘરમાળ પણ હવે જાણે લગ્નગીતના થોળનો મરશીયાનો સુર રેલાવી રહ્યા છે... એવામાં પાછળથી સાદ સંભળાયો...શામજી શેઠ!!''

લુટાંરાના અવાજથી ફફડેલા જાનૈયૈને કાળજા ફરી થડકી ગયા...

''મુંજાશોમા બાપ.. લ્યો આ તમારા ઘરેણા પે'રી લ્યો કહીને સામતભા આગળ આવ્યા...'' તમે કોણ ભાઈ...! કહીને શેઠ ગાડેથી નીચે ઉતર્યા...જાનૈયાને ભગવાને વહાર કરો હોય એમ હરખાતા પોતપોતાના દાગીના પહેરવા લાગ્યા...

''મને ન ઓળખ્યો શેઠ...?'' ગઢવી બે ડગલા આગળ આવ્યોને શેઠે નીરખીને જોયો... ''હું સામતભા ગઢવી તમારે આંગણે મે રોટલો ખાધો છે. યાદ આવ્યું...?''

અને શેઠ ગઢવીને પોતાની બાથમાં લઈ લીધો..

ગઢવીએ ઘરેણા પાછા કેમ આવ્યા એની માંડીને વાત કરી અને શેઠને કહ્યું ''રોટલો દેવાનું નીમ તો મે તમારા ઘરેથી જ લીધું હતું બાપ અને એનુ વળતર પણ આજ તમને જ મળ્યું..''

''અરે...તમે તો મારો રોટલો લાખનો કરી દીધો ગઢવી...!!'' કહીને શેઠે ગઢવીને ફરી પાછો બથમાં લીધો.

''હવે તો મારે પણ ભાણાભાઈની જાનમાં આવવાનું છો હો... બોન... પણ પેલા... આ ગરીબને નેહડે... લાપસી ખાઈને પછી જાવાનું છે..'' અને શામજી શેઠના દિકરાની જાનના ગાડા... ગઢવીના નેહડા બાજુ વળી ગયા.

❖❖❖

# જિંદગીનો ખરો સ્વભાવ



ગુણવંત બરવાળિયા

જિંદગીમાં મૃત્યુથી અધિક કશું જ નિશ્ચિત નથી. એ એક નગ્ન સત્ય છે કે મૃત્યુ સર્વથી અધિક સુનિશ્ચિત છે. જીવન મળ્યું છે તો જીવનમાં પદ પૈસો કે પ્રતિષ્ઠા મળશે જ એ નિશ્ચિત નથી. પરંતુ મૃત્યુ મળશે તે સંપૂર્ણ નિશ્ચિત છે. જીવન મળ્યું છે તો ભણી ગણીને જ્ઞાન મેળવી શકશે જ એ નિશ્ચિત છે. જ્યારે મૃત્યુ અફર નિશ્ચિત છે તો તેનાથી ભય રાખવાની જરૂર નથી. મૃત્યુ અમૃત છે, મૃત્યુ એક મંદિર છે જેમાં જીવનદેવતા બીરાજમાન છે.

મુનિ તરૂણસાગરજી કહે છે કે 'સ્મશાન ગામની બહાર નહીં પરંતુ શહેરની વચ્ચોવચ્ચ રાખવા જોઈએ. મંદિરને પરિકમ્મા કરો કે ન કરો પરંતુ સ્મશાનમાં બળતી ચિત્તા જોશો ત્યારે તમને તમારા મૃત્યુનો વિચાર આવશે અને એ વિચારનું પુનરાવર્તન જરૂરી છે.

ભગવાન બુદ્ધ પાસે કોઈ, સંન્યાસ-દીક્ષા લેવા આવે તો પહેલા તે કહેતા કે થોડા દિવસ સ્મશાનમાં રહીને આવો પછી સંન્યાસ આપીશ. શેઠ સુદર્શન, શ્રેણિક પુત્ર અભયકુમાર, જયકુમાર મુનિ ગજસુકુમાર વ. એ સ્મશાનમાં સાધના કરેલી. ઘણા સાધકો સ્મશાનમાં ધ્યાન અને કાયોત્સર્ગ કરતા.

ઓશો કહે છે : 'મૃત્યુ જીવનનું સર્વથી ઊંચું શાસ્ત્ર છે, એ શાસ્ત્રનો અભ્યાસ કર્યા વિના મુક્તિ સંભવ નથી.'

દુનિયાનાં તમામ શાસ્ત્રો ભણીએ તમામ ધર્મના પ્રતિનિધિ ગ્રંથોને વાંચી લઈએ છતાં જીવનનું સત્ય સમજાશે જ એવી કોઈ ગેરંટી નથી. ગીતા, કુરાન, વેદ, બાઈબલ, આગમ કે ઉપનિષદથી જીવનનું સત્ય સમજાઈ જશે જ એવી ગેરંટી નથી. પરંતુ મૃત્યુ શાસ્ત્ર ભણવાથી જીવનશાસ્ત્ર આપોઆપ સમજાઈ જશે. મૃત્યુનો સ્વાધ્યાય જ જિંદગીનો ખરો અને અસલી સ્વાધ્યાય છે. મૃત્યુ તમામ ધર્મોનો સ્વીકારાયેલો લઘુતમ સાધારણ અવયવ છે.

હજારો શાસ્ત્રો ભણી લેવાથી મૃત્યુશાસ્ત્ર સમજમાં આવે એ જરૂરી નથી. પરંતુ મૃત્યુશાસ્ત્ર ભણી લેવાથી તમામ ધર્મોનાં શાસ્ત્રો સમજાઈ જશે. મૃત્યુશાસ્ત્ર વિશ્વના તમામ ધર્મોનો સાર, તમામ દર્શનોનું રહસ્ય છે. માટે જ મૃત્યુને ભૂલીને નહીં, વિસ્મૃત કરીને નહિ, મૃત્યુને સતત સ્મરણમાં રાખીને જીવવું જોઈએ. મૃત્યુને વિસારીને નહીં, મૃત્યુને સ્વીકારીને જીવવું જોઈએ. મૃત્યુથી ડરીને નહીં તેની સામે સામી છાતીએ લડીને જીવવું જોઈએ. મૃત્યુને જીવનમાં નાની બહેન રૂપે પ્રતિષ્ઠિત કરીશું તો રક્ષાબંધન પર તે જરૂર રાખડી બાંધશે.

દસ દૃષ્ટાંતે દુર્લભ માનવ ભવ મળ્યો છે. તો સત્કર્મની સીડી પર ચડી દાન-શિયળ, તપભાવ સહિત કર્મ નિર્જરા કરી આત્માને નિર્મળ બનાવવાનું લક્ષ રાખી આપણી ભીતર બીરાજમાન આત્મદેવનું દર્શન કરવું છે. આપણી પરંપરા અનુસાર તેત્રીશ કરોડ દેવાતામાં વિશ્વાસ કરીએ છીએ પરંતુ આપણી અંદર રહેલા એક પરમાત્મા પર વિશ્વાસ કરતા નથી.

જીવન, નદી-નાવ, સંજોગ જેવું છે. એક નદી પાર કરવા આપણે નાવમાં બેસીએ છીએ એક કિનારા પરથી નાવમાં બેઠા તે જન્મ છે, નાવ નદીને પાર કરે તે ક્ષણો જીવન છે અને સામે કિનારે નદી પાર કર્યા પછી નાવમાંથી ઉતરીએ તે મૃત્યુ છે. જન્મ અને મૃત્યુ નદીના બે કિનારા છે અને વચ્ચે ખળખળ વહેતી સરિતા જીવન છે.

ઈન્કમટેક્ષ, સેલ્સટેક્ષ, એક્સાઈઝ કે કસ્ટમ ડીપાર્ટમેન્ટમાં ચોપડા બતાવવાની તારીખ પેલા આપણે હિસાબ કિતાબ બરાબર તૈયાર કરી લઈએ છીએ અને જો ગોટાળા હોય તો થોડા અંજપ-ઉચાટ કે ગભરાટ રહે છે. પરંતુ લગીરે ખોટું કામ ન કર્યું હોય તો નિશ્ચિંત હોઈએ. અહીંના ભ્રષ્ટ ઓફીસરો તો લાંચ સ્વીકારીને પણ આપણું કામ કરી આપે. પરંતુ પરમાત્માના દરબારની ઑફીસમાં જીવનની વહી ખાતામાં ગડબડ નહીં ચાલે. વિશ્વના એક માત્ર સ્વયં સંચાલિત અદ્‌ભુત ન્યાયતંત્રમાં કર્મના હિસાબમાં કોઈ પણ ગોટાળો નહીં ચાલે. કર્મના સુપર કોમ્પ્યુટર પાસે બધાંના કર્મની બધી જ વિગતો છે.

જીવનના ચોપડામાં શોષણ હિંસા અસત અને અન્યાયની એન્ટ્રીઓ પડી હશે તો મૃત્યુની તારીખે પરમાત્માના દરબારમાં જતા ગભરામણ થશે. જેના જીવનની કિતાબમાં સત્કાર્યની એન્ટ્રીઓ હશે, પ્રામાણિક આજીવિકા અને ન્યાયસંપન્ન વૈભવ હશે તો પરલોકમાં પણ તેનું સ્વાગત થશે તે વ્યાકુળતા વિના અંત વેળાએ સ્વસ્થ રહી શકશે.

દેશ અને દુનિયામાં આંતકવાદ વકર્યો છે કોઈને ક્યાંય સલામતી જણાતી નથી માટે વહેવારુ પુરુષો કહે છે કે ઘરની બહાર નીકળો તે પહેલા વીમો ઉતરાવી લેવો જરૂરી છે. જીવનવીમાની પોલીસી ઉતરાવો તો આશ્રિતો અને કુટુંબીજનો સુરક્ષિત બને અને આરોગ્યનો વીમો - મેડીક્લેમ

ઉતરાવો તો બીમારીની સારવારમાં પોતાને આર્થિક સહાયતા મળે.

પરલોકના યોગક્ષેમ માટે જ્ઞાનીઓ આધ્યાત્મિક વીમા પોલીસી ઉતરાવવાનું કહે છે. દાન-શિયળ તપ અને ભાવનો શુભ સંકલ્પ એટલે અધ્યાત્મ વીમાપોલીસી. સત્કાર્ય અને ધર્મમય આચરણ એનું પ્રીમિયમ છે. નિયમિત હપ્તા ભરવાથી પોલીસી પાકતી વેળા પોલીસી રીડમ્પ્શન વખતે પોલિસીના ક્લેમ પેટે જ્ઞાન-દર્શન ચારિત્ર રૂપ ત્રિરત્ન મળે છે. જે આ જીવન ઉજાગર કરી પરલોકમાં પણ કલ્યાણ સાધે છે.

પડોશી કે સ્વજનના મૃત્યુ વખતે આપણે કહીએ છીએ હજુ થોડા દિવસ પહેલા મળ્યો તો બીચારો મરી ગયો અને પછી આપણે ભૂલી જઈએ છીએ પ્રત્યેક સ્વજનના મૃત્યુ વખતે આપણે આપણા મૃત્યુનું પણ સ્મરણ કરવું જોઈએ. કારણ કે એ આપણે ત્યાં પણ નિશ્ચિતરૂપે જ આવવાનું છે.

જ્યાં મૃતદેહને અગ્નિદાહ આપે તે સ્મશાન અને જ્યાં મૃતદેહને દફનાવે તેને મરઘટ કહે છે. જ્ઞાનીઓ કહે છે કે આ જગતમાં એવી કોઈ જગ્યા નહીં હોય જ્યાં મૃતદેહ દફનાવાયો નહીં હોય. સર્વ જગાએ મૃતકલેવર મનુષ્ય, પશુ, પંખી કે જંતુના મૃત શરીરનું દફન થયેલું જ છે. જેથી એક રીતે તો આખું જગત મરઘટ છે.

ક્ષણે ક્ષણે આપણું આયુષ્ય ઘટી રહ્યું છે. જ્યાં પલ-પલ પ્રાણ ઘટી રહ્યા છે. તે મરઘટ છે. આપણા બંગલા, મહેલ, ફ્લેટ અને પ્રત્યેક ઘર મરઘટ છે. આપણાં બાપ-દાદા અહીં મૃત્યુ પામ્યા છે. આપણે પણ અહીં જ મરવાના માટે પ્રત્યેક આવાસ મરઘટ છે. આપણને કોઈ કહે કે તમારી પહેલા આ બંગલાના માલિક કોણ હતા ? મારા દાદા હતા આજે મારા પિતા બંગલાના માલિક છે. તો દાદા ? દાદા ભૂતપૂર્વ માલિક હતા. આપણે કહીએ છીએ કે આ ભૂતપૂર્વ પ્રધાન, આ ભૂતપૂર્વ ટ્રસ્ટી, આ ભૂતપૂર્વ પ્રિન્સિપાલ, ભૂતપૂર્વ પ્રમુખ અર્થ એ કે આપણા પ્રત્યેક ઘરને બંગલાને ભૂતબંગલા કહી શકાય. મહેલ મરઘટ રૂપે અને બંગલા ભૂતબંગલા કે મરઘટથી વધુ કશું જ નથી. આ ચિંતનથી અનાસક્ત ભાવ ઉજાગર થશે અને આપણું મકાન કે મહેલ આપણા માટે આશ્રમ કે તપોવન જેવું બની જશે. આ મહેલાતોમાં માલિકીભાવને બદલે ટ્રસ્ટીભાવ રહેશે. મૃત્યુ સમયે અંત સમયે આ બધું સહજ છૂટી જશે. સરકારી બંગલામાં રહેલા અમેરિકાના પ્રમુખને કોઈએ પૂછ્યું કે તમે આ બંગલામાં રહો છો ? તો પ્રમુખ કહે કે હું અહીંથી પસાર થઈ રહ્યો છું.

કોઈપણ વ્યક્તિ સંસારમાં કાયમ રહેવાની નથી. અનંત કાળના પ્રવાહમાં દરેક વ્યક્તિ આ સંસારમાંથી પસાર થાય છે.

મૃત્યુથી બચવા બહારની સુરક્ષાની વ્યવસ્થા કરે છે. પાકુ મકાન બનાવે - દરવાજા, તાળાં, ચોકીદાર રાખે. ગુંડાથી બચવા ઝેડ ગ્રેડ શ્રેણીની સુરક્ષા કરે પણ તેથી શું ? તે તો બહારની સુરક્ષા થઈ.

બ્રેનહેમરેજ થાય, હાર્ટએટેક આવે કે લીવર કામ કરવાનું બંધ કરે, શ્વાસની તકલીફ થાય કે કેન્સર થાય તે અંદરની તકલીફો છે. બહારની સુરક્ષા તેને માટે કામ ન આવે. આવા રોગના ઉપચાર માટે માનવીની મદદે વિજ્ઞાન અને નિષ્ણાત ડોક્ટરો આવે છે.

પરંતુ મૃત્યુનો કોઈ ઉપચાર નથી. જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. માટે જન્મ અને મૃત્યુ આ વિશ્વના બે મહારોગ છે. અજન્મા થવું એટલે મોક્ષમા જવું મોક્ષમાં જનારનો પુનઃજન્મ થતો નથી માટે માત્ર મોક્ષ જ મૃત્યુ રોગનો એકમાત્ર ઉપચાર છે અને મોક્ષ ઉપાય છે સુધર્મ, જન્મના મુગટમાં મૃત્યુના મણિરત્નનું જડતર થયેલું જ હોય છે. મા પોતાના નવજાત શિશુને ખોળામાં લે છે તે પહેલાં મૃત્યુએ તેને ખોળામાં લઈ લીધું હોય છે. આયુષ્ય કર્મ પ્રમાણે આપણે નિશ્ચિત શ્વાસ લેવાના છે. જન્મ પછીનો આપણો એક એક શ્વાસ આપણા આયુષ્યને ઘટાડતો જાય છે.

સાધક મકરંદ દવે કહે છે કે આત્મતેજની અખંડ સ્મૃતિ સાચવે તે જ મૃત્યુને જીતી અમરત્વને વરે છે. મનુષ્યનો જન્મ થાય છે ત્યારે તેને એક ધક્કો લાગે છે તેને 'બર્થ ટ્રોમા' કહે છે. માતાનો પ્રથમ વિચ્છેદ અને પોતીકો સ્વતંત્ર પ્રશ્વાસ બાળકને જન્મનો આઘાત આપે છે. આ તેની આત્મ વિસ્મૃતિનું કારણ છે. આ 'અપસ્માર' કે 'સ્મૃતિભ્રંશ'ની ભૂમિ છે. મૃત્યુ વેળાએ વળી 'ડેથ ટ્રોમા' મૃત્યુનો આઘાત આવી પડે છે. જે સ્થૂળ શરીર સાથે વિચ્છેદ તેમજ જીવાત્મા તરીકે સ્વતંત્ર ભૂમિમાં વિહરવાનું બને છે. એ વેળા શરીરની સ્મૃતિ જાણે સ્વપ્ન જેવી બની જાય છે આ 'બર્થ ટ્રોમા' અને 'ડેથ ટ્રોમા' જન્મ-મૃત્યુના આઘાત વચ્ચેથી પસાર થતાં જે આત્મસ્મૃતિનું અનુસંધાન રાખી શકે તે જ અમરત્વને વરે છે.

આત્મતેજની સ્મૃતિ એટલે આત્મસંસ્કારની સ્મૃતિ. આત્મા પર પડેલાં શુભાશુભ કર્મો આત્મા સાથે મૃત્યુ પછીની ગતિમાં પણ જાય છે. આત્મા શુભ કર્મોના સંસ્કારો સાથે લઈ જાય તો જ તેને સ્મરણ રહે કે 'હું આત્મા છું', હું શરીર નથી, હું ચૈતન્યનો પૂંજ છું. આવી આત્મસ્મૃતિનું અનુસંધાન જ જીવને શિવ બનાવી શકે. આત્મસ્મૃતિના સાતત્યની વાતમાં શુભ કર્મોના સંસ્કારોનો ભાવ અભિપ્રેત છે. આત્મરમણતા પ્રત્યે ઈશારો છે. સત્કર્મના આચરણ પ્રતિ પવિત્ર સંકેત છે.

❖❖❖

# અષ્ટાવક્રની કથા

**દર્શાલી સોની**



મહર્ષિ ઉદાલક એક મહાન જ્ઞાની હતા. તે બ્રહ્મજ્ઞાની હતા. એવું કહેવાય છે કે તેણે તેમની પુત્રીના લગ્ન તેના શિષ્ય કહોડ સાથે કર્યા હતા. કહોડ તેનો સૌથી પ્રિય શિષ્ય હતો. લગ્ન પછી કહોડ મહર્ષિ ઉદાલકના આશ્રમમાં જ રહેતા અને ત્યાં જ શિક્ષા પણ ગ્રહણ કરતા. એવું કહેવાય છે કે કહોડની પત્ની જ્યારે ગર્ભવતી બની ત્યારે ઉદાલક ઋષિએ ગર્ભમાં રહેલા બાળકને ગુરુજ્ઞાન આપ્યું હતું. આથી તે બાળક જન્મ લેતા પહેલાં જ પારંગત બની ગયો.

એકવાર કહોડ પોતાના શિષ્યોને ભણાવી રહ્યા હતા. આ સમયે તેણે એક મંત્રના ઉચ્ચારણ અને અર્થ સમજાવવામાં ભૂલ કરી. ત્યારે કહોડનો પુત્ર તેની માતાના પેટમાં જ હતો, તો પણ તેણે કહોડની ભૂલ ઓળથી કાઢી. તેમજ તેની ભૂલને પણ સુધારી. કહોડ અભિમાની હતા. આથી તેને પોતાનું અપમાન થયું હોય તેવું લાગ્યું. તેમણે પોતાના જ પુત્રને શ્રાપ આપી દીધો. તેમણે કહ્યું, ''તું જ્યારે જન્મીશ ત્યારે તારા શરીરમાં આઠ જગ્યાએ ખોડખાંપણ હશે.'' આથી આ બાળકનો જન્મ થતા જ તેનું નામ અષ્ટાવક્ર રાખવામાં આવ્યું. અષ્ટાવક્ર ખૂબ જ જ્ઞાની હતા.

આવો હવે અષ્ટાવક્રના જન્મ પહેલાંની થોડી કથા પણ જાણી લઈએ.

પહેલાના સમયમાં રાજાઓ ખૂબ જ યજ્ઞ અને હોમ - હવન કરતા. એકવાર રાજા જનકે એક મહાયજ્ઞનું આયોજન કર્યું. આથી મિથિલા દેશમાં અનેક વિદ્વાનો યજ્ઞમાં ભાગ લેવા પહોંચી ગયા. રાજા જનકે તો તેમનું ખૂબ જ આદરથી સન્માન કર્યું. થોડીવાર પછી રાજા જનક બોલ્યા, ''હે ઋષિ કહોડ! તમે આ યજ્ઞમાં માત્ર દાન-ધર્મ માટે આવ્યો છો કે પછી શાસ્ત્રોની ચર્ચામાં પણ તમે ભાગ લેશો?''

ઋષિ કહોડ બોલ્યા, ''મહારાજ! હું અહીં બંને હેતુથી આવ્યો છું. જો હું મોટા વિદ્વાનો પાસેથી જ્ઞાન મેળવી શકું તો તેનાથી ઉત્તમ બીજું કઈ જ નથી.''

આથી રાજા જનક બોલ્યા, ''મિથિલામાં બંદી નામના એક મહાન વિદ્વાન આવ્યા છે. તેને જ્ઞાનની વાતોમાં હજુ સુધી કોઈ હરાવી શક્યું નથી. શું તમે ખરેખર તેમની સાથે ધર્મચર્ચા કરવા તૈયાર છો?''

કહોડએ જવાબ આપ્યો, ''હા જરૂર. મને તેની સાથે ધર્મચર્ચા કરીને ખૂબ જ આનંદ થશે.''

રાજા જનક બોલ્યા, ''મહર્ષિ! હજુ એક વાર શાંતિથી વિચારી લો. કારણ કે જો તમે જીતી ગયા તો હું તમને ધનવાન બનાવી દઈશ. પરંતુ જો તમે હારી ગયા તો તમને નદીમાં નાખીને ડૂબાડી દેવામાં આશે. ઘણા વિદ્વાનો બંદી સાથે ધર્મચર્ચા કરવા આવ્યા પણ કોઈ સફળ થયા નથી. તેમજ આ બધાને પણ નદીમાં ડૂબાડી દેવામાં આવ્યા છે.''

આટલું સાંભળી ઋષિ કહોડ બોલ્યા, ''ના, મહારાજ! હું નહીં હારું. હું વિદ્વાન બંદી સાથે ધર્મચર્ચા કરવા તૈયાર છું.''

થોડીવાર પછી ધર્મચર્ચાની શરૂઆત થઈ. પરંતુ આ ધર્મચર્ચા બહુ લાંબો સમય ન ચાલી. થોડીવારમાં ઋષિ કહોડની અજ્ઞાનતા છતી થઈ ગઈ. નિયમ મુજબ તેને પાણીમાં ડૂબાડી દેવામાં આવ્યા. આ વાતથી રાજા જનક થોડા દુ:ખી થયા. તે વિચારવા લાગ્યા, 'હે ભગવાન! જેટલા ઋષિઓ આ યજ્ઞમાં ભાગ લેવા આવે છે તે બધા મૃત્યુ પામે છે. જો આવું જ રહેશે તો મારો યજ્ઞ પૂર્ણ કેવી રીતે થશે?'

જ્યારે કહોડની પત્ની સુજાતાને સમાચાર મળ્યા કે, 'કહોડને નદીમાં ડૂબાડી દેવામાં આવ્યા છે.' ત્યારે તે ખૂબ જ કલ્પાંત કરવા લાગ્યા. તે રડતા રડતા તેના પિતા ઉદાલક ઋષિ પાસે ગયા અને બોલ્યા, ''હે પિતાજી! આ બધું શું થઈ ગયું? મેં તો મારા પતિને યજ્ઞમાં ભાગ લેવા મોકલ્યા હતા. જેથી થોડી દક્ષિણા મળી જાય. પરંતુ મેં તો મારા પતિને જ ગુમાવી દીધા. મારો પુત્ર હવે અનાથ થઈ ગયો.''

ઉદાલક ઋષિ તેની પુત્રી સુજાતાને આશ્વાસન આપતા બોલ્યા, ''હે પુત્રી! તું દુ:ખી ન થા. હું તારા બાળકને ખૂબ સાચવીશ. તેને ક્યારેય પિતાની ખોટ નહીં અનુભવે.''

સુજાતાને વારંવાર સમજાવ્યા બાદ તે શાંત થયા. થોડા સમય બાદ તેણે એક પુત્રને જન્મ આપ્યો. પિતાના શ્રાપને કારણે બાળક આઠ જગ્યાએથી ખોડખાંપણવાળું હતું. તેના બાળકને જોઈને સુજાતા ખૂબ જ દુ:ખી થઈ ગયા. થોડીવાર બાદ સુજાતા બોલ્યા, ''પિતાજી! આ બાળક આઠ જગ્યાએથી વિકૃત થઈ ગયું છે, તે કેટલી દુ:ખદ વાત છે. મોટું થઈને આ બાળક તો પોતાની જાતની નફરત કરવા લાગશે.''

આથી મહર્ષિ ઉદાલક બોલ્યા, ''સુજાતા! એવું કઈ જ નહીં થાય. હું તેની

અંદરથી બધી નફરત દૂર કરી દઈશ. આ બાળક આઠ જગ્યાએથી વાંકું છે આથી તેનું નામ હું અષ્ટાવક્ર રાખું છું. તેમજ હજુ એક ખુશીના સમાચાર સાંભળ. તારી માતાએ પણ આજે એક બાળકને જન્મ આપ્યો છે. તેનું નામ શ્વેતકેતુ રાખ્યું છે.''

ઋષિ ઉદાલક તો ખૂબ જ પ્રેમથી અષ્ટાવક્રનો ઉછેર કરવા લાગ્યા. સમય જતા અષ્ટાવક્ર ઉદાલક ઋષિને જ તેના પિતા માનવા લાગ્યા. આ રીતે સમય પસાર થતો ગયો. ઉદાલક ઋષિ બંને બાળકોને ખૂબ જ નિષ્ઠાથી શિક્ષા આપતા. બંને બાળકો બાર વર્ષના થઇ ગયા. ત્યારબાદ ઋષિએ બંનેને કહ્યું, ''તમે બંનેએ બહુ જ ઓછા સમયમાં વેદનું બધું જ જ્ઞાન મેળવી લીધું છે. આથી મને તમારા પર ગર્વ છે.''

સમય જતા અષ્ટાવક્રને ખબર પડી કે ઉદાલક ઋષિ તેના પિતા નથી. આથી અષ્ટાવક્ર ખૂબ જ ગુસ્સે થઈ ગયા. અષ્ટાવક્ર તેની માતા પાસે ગયા અને પૂછવા લાગ્યા, ''માતા ! મારા પિતા કોણ છે ? તે કયાં છે ? મને બધી જ માહિતી આપો.''

આથી રડતા રડતા તેની માતાએ બધી જ વાત અષ્ટાવક્રને જણાવી. આ વાત સાંભળી અષ્ટાવક્ર ગુસ્સે થઈ ગયા. તેણે પ્રતિજ્ઞા લીધી કે તે બંદીને ધર્મચર્ચામાં હરાવશે.

તે જ દિવસે રાત્રે અષ્ટાવક્રએ શ્વેતકેતુને કહ્યું, ''હું આવતીકાલે મિથિલા જાઉં છું. તારે સાથે આવવાની ઈચ્છા હોય. તો ચાલ. ૧૨ વર્ષ થઈ ગયા તો પણ રાજા જનક યજ્ઞ પૂરો કરી શક્યા નથી. આથી મારે ત્યાં ધર્મચર્ચામાં ભાગ લેવા જવું છે.''

શ્વેતકેતુએ આવવાની હા પાડી. બંને તો મિથિલા પહોંચી ગયા. પણ નગરના દ્વારપાળે તે બંનેને રોકી લીધા. ત્યારે અષ્ટાવક્રએ કહ્યું, ''અમે રાજા જનકને મળવા આવ્યા છીએ.''

દ્વારપાળએ કહ્યું, ''રાજા જનક તો યજ્ઞ કરી રહ્યા છે. તેમજ માત્ર વૃદ્ધ વિદ્વાનો જ રાજાને મળી શકે.''

અષ્ટાવક્રએ નીડરતાથી જવાબ આપ્યો, ''મનુષ્યની આવડત તેની ઉંમરથી નક્કી ન થાય. હું નાનો હોવા છતાં પણ વેદનું સંપૂર્ણ જ્ઞાન ધરાવું છું. મેં અનેક યજ્ઞોમાં ભાગ પણ લીધેલો છે.''

દ્વારપાળએ બંનેને અંદર જવાની સંમતિ આપી. રાજા જનક પાસે જઈને અષ્ટાવક્ર બોલ્યા, ''મહારાજ ! મે બંદી સાથેની ધર્મચર્ચા વિશે સાંભળ્યું છે. હું તેની સાથે ધર્મચચાજ કરીને તેને હરાવવા તૈયાર છું.''

ફક્ત ૧૨ વર્ષના બાળક પાસેથી આવી વાત સાંભળી રાજા તો આશ્ચર્યચકિત થઈ ગયા. આથી તે બોલ્યા, ''બાળક તને બંદીના જ્ઞાન વિશે કઈ જ ખબર નથી. તે ખૂબ જ જ્ઞાની છે. તેની સામે તું હારી જ જઈશ.''

અષ્ટાવક્ર બોલ્યા ''બંદીએ મારા જેવા જ્ઞાની સાથે હજુ સુધી ધર્મચર્ચા નથી કરી. આથી જ તે હંમેશા જીતી ગયા છે. આ વખતે હું તેને પાણીમાં ડૂબાડીને જ પાછો ફરીશ.''

અષ્ટાવક્રની જીદ જોઈને રાજાને વિચાર આવ્યો, ''આ બાળક તો ખૂબ આત્મવિશ્વાસુ છે. હું તેની થોડી પરિક્ષા કરી જોઉ.'' તેણે અષ્ટાવક્રને કહ્યું, ''હું તને થોડાક પ્રશ્નો પૂછવા માંગું છું. જો તું બધા જ પ્રશ્નોના જવાબ આપી શકીશ તો હું તને બંદી સાથે ધર્મચર્ચા કરવા દઈશ.''

રાજા જનકે પહેલો પ્રશ્ન પૂછ્યો, ''એવી કઈ વસ્તુ છે કે જે જન્મ સમયે હલન ચલન કરતી નથી ?''

અષ્ટાવક્રએ કહ્યું, ''ઈંડું.''

પછી જનકે પૂછ્યું, ''એવા કયો જીવ છે જે પોતાની આંખો ક્યારેય બંધ નથી કરતો ?''

જવાબ મળ્યો, ''માછલી.''

આવા તો અનેક પ્રશ્નો રાજાએ પૂછ્યા. અંતે તેણે બંદી સાથે અષ્ટાવક્રની ધર્મચર્ચા ગોઠવી. બંનેએ એકબીજાને અનેક પ્રશ્નો પૂછ્યા. અંતમાં અષ્ટાવક્રએ જ્યારે બંદીને બ્રહ્મ વિશે પૂછ્યું ત્યારે બંદી કોઈ જવાબ ન આપી શક્યા. આથી બંદીને ડુબાડી દેવામાં આવ્યા.

નદીમાં ડૂબતા પહેલા બંદી બોલ્યા, ''મહારાજ ! મારા પિતા વરુણ દેવ છે. તેને એક યજ્ઞ માટે ઘણા વિદ્વાનોની જરૂર હતી. આથી દરેક વિદ્વાનોને હરાવીને મેં સમુદ્રલોકમાં મોકલ્યા. કોઈપણ બ્રાહ્મણનું મૃત્યુ થયું નથી. તે બધા જ જીવે છે.''

આટલું સાંભળ્યા બાદ રાજમહેલમાં બધા જ આશ્ચર્યચકિત થઈ ગયા. થોડીવાર પછી બંદી બોલ્યા, ''અષ્ટાવક્રની દયાથી મારો યજ્ઞ પૂરો થયો. હવે હું મારા પિતા પાસે જઈ શકીશ. હે અષ્ટાવક્ર ! હું તારો આભાર માનું છું. તું પણ હવે તારા પિતાને મળી શકીશ.''

ત્યારબાદ તરત જ ચમત્કાર થયો. એક પછી એક બધા જ બ્રાહ્મણો નદીમાંથી બહાર આવ્યા. અષ્ટાવક્રના પિતા કહોડ પણ બહાર આવ્યા.

રાજા જનકે કહોડને કહ્યું, ''હે મહામુનિ ! તમારો પુત્ર જ સૌથી જ્ઞાની છે.''

આથી કહોડ બોલ્યા, ''હા, મહારાજ. તમે સાચું કહ્યું. જે કામ પિતા ન કરી શક્યા. તે કામ તેના પુત્રે કરી બતાવ્યું.''

ત્યારબાદ અષ્ટાવક્ર અને કહોડ આશ્રમમાં પાછા ફર્યા. કહોડે તેના પુત્રને કહ્યું, ''જા બેટા, પાણીમાં જઈને એક છલાંગ મારી આવ.'' અષ્ટાવક્રએ તેના પિતાનું પાલન કર્યું. જ્યારે અષ્ટાવક્ર પાણીમાંથી બહાર આવ્યા, ત્યારે તેના બધા જ વાંકા અંગો સીધા થઈ ગયા.

અષ્ટાવક્રનું ઉત્તમ શરીર જોઈને તેની માતા સુજાતા અને ઋષિ ઉદાલક ખુશ થઈ ગયા.

❖❖❖



# ચંદાની માસી

કેશુભાઈ પુ. ચૌહાણ

શનિવારનો દિવસ હતો. શાળા સવારની હતી. બાળકો છૂટી ગયાં હતાં. કેટલાક શિક્ષકો ઑફિસમાં બેસી ફીની વિગતો લખતા હતા, ત્યારે કેટલાક વાતો કરતા બેઠા હતા. ત્યાં દાદરા પરથી અવાજ સંભળાયો. કોઈ લડતું હોય તેવો તે અવાજ હતો.

''ચાર-ચાર મહિને પ્રગતિપત્રક ભરાઈને આવતું નથી - આજે તેનું મોં જોયું ! અમારું છોકરું શું ભણે છે, તેની અમને શી ખબર પડે ? છ મહિનાથી આવે છે અને કંઈ આવડતું નથી. પૈસા કંઈ મફતના આવે છે ? અમે પણ બાલમંદિર ચલાવીએ છીએ - પણ તમારા જેવું નહિ !''

આવા શબ્દો મારા કાન પર અથડાયા. કોણ છે અને શું છે તે જાણવા મેં તેમને શિક્ષક દ્વારા બોલાવ્યાં.

''કેમ, બહેન, શી બાબત છે ?''

''જુઓને, આ મારી ચંદા છ-છ મહિનાથી બાળમંદિરમાં આવે છે, તોય તેને કંઈ આવડતું નથી. પ્રગતિપત્રક પણ આજે જોવા મળ્યું. તમે તે ભણાવો છો કે શું કરો છો ?''

''ચંદા કયા ધોરણમાં છે ?''

''પહેલા ધોરણમાં.''

''તો પ્રગતિપત્રક વિશેની તમારી ફરિયાદ બરાબર નથી. પહેલા ધોરણના શિક્ષક બહુ નિયમિત છે. તેમનાં પ્રગતિપત્રકો વખતસર મારી પાસે સહિ કરાવવા આવે છે.''

''પણ અમને તો ચંદાની થેલી તપાસતાં આજે જ પ્રગતિપત્રક મળ્યું.''

''આમાં શિક્ષકનો શો દોષ ? પ્રગતિપત્રક ન મળ્યું હોય તો તમારે કાળજી રાખી બાલમંદિરમાં તપાસ કરવા આવવું ન જોઈએ ? તેનો અભ્યાસ કેમ ચાલે છે તે અવારનવાર શિક્ષકને પૂછવું ન જોઈએ ?''

''પણ ચંદા કંઈ મારી દીકરી નથી; એ તો મારી બુનની દીકરી છે.''

''એમ ! ત્યારે તમે ચંદાનાં માસી થાવ, ખરુંને ? ભાણીના અભ્યાસમાં તમને સારો રસ છે, જાણી મને આનંદ થયો.''

''આ તો હું મારી બુનને ઘેર આવી હતી. એણે મને ફરિયાદ કરી કે, બાલમંદિરમાં ચંદાને કશું ભણાવતાં નથી. ત્યાં ચંદાનું દફ્તર ફેંદતાં તેનું પ્રગતિપત્રક મળ્યું. એટલે મેં કુ, લાવને નિશાળે જઈ આવું અને માસ્તરને ધમધમાવી આવું. હુંય આવું બાલમંદિર ચલાવું છું, હોં ! એમ ન માનતા કે તમે એકલા જ બાલમંદિર ચલાવો છો.''

''તમે બાલમંદિર ચલાવો છો, એમ કે ? ઘણા આનંદની વાત છે. આપણે એક જ ધંધાનાં કારીગર.''

''હાસ્તો વળી, છોકરાં ભણાવવાં એમાં તે શું ? મારા ઘરમાંથી માસ્તર હતા. કોઈ ધંધો ન મળ્યો, એટલે ઓટલા-નિશાળ ચલાવતા. તેમને ખય થયો અને ચાર-પાંચ વરસ પહેલાં તે પાછા થયા.''

''અરેરે ! બહુ ખોટું થયું. પણ બાલમંદિર ચલાવવાનો વિચાર તમને સૂઝ્યો ક્યાંથી ?''

''શું કરું ? પહેલાં હું બીડીઓ વાળતી, તેમાંથી માંડમાંડ રોટલો નીકળતો. પણ મારી એક ગોઠણ છે. તેય રાંડેલી છે. તેને ઘરનું ઘર છે. તેણે પરસાળમાં બાલમંદિર શરૂ કર્યું. એક ભણેલી છોડીને છોકરાં ભણાવવા રાખી. છોકરાં ધીરે ધીરે આવવા લાગ્યાં. અત્યારે મહિને સો-સવાસો કમાય છે. એનું જોઈ મેં બાલમંદિર કાઢ્યું. બાલમંદિર કાઢવું એમાં તે શું ?''

''ત્યારે, બહેન, તમે અને તમારી બહેનપણી શું ભણ્યાં છો ?''

''માસ્તર, તમે તો બહુ પૈડવાળા...''

''તમને કહેવામાં વાંધો હોય તો ન કહેતાં.''

''વાંધો તો શો ? લોને કહી નાખું. એમાં શરમ શાની ? મારી બહેનપણીએ અને મેં નિશાળમાં સાથે મૂંડાવેલું. એક-બે ચોપડી ભણીને અમે ઊઠી ગયેલાં. ગામડામાં ઘેર ઢોર, છાણ-વાસીદું કરવાનું. ઘરનું કામ પણ હોય. બાની તબિયત ઝાકઝીકલી રહે, એટલે બા મને ઘેર રાખે. ઘેર રહેવું મનેય બહુ ગમે. પછી તો અમે પરણી ગયાં.''

''ત્યારે તમે ભણાવો શી રીતે ?''

''તમે તો માસ્તરના માસ્તર રહ્યા ! આટલી બધી છોડીઓ ભણેલી છે – તેમને વીસ-પચીસ રૂપિયા આપ્યા એટલે બસ. મેં બે છોડીઓ રાખી છે. આંક લખાવે, કક્કો બોલાવે ને લખાવે, એકાદ-બે ગીત ગવડાવે, વાર્તા કહે, એટલે ચાલ્યું !''

''નાસ્તો આપો છો ?''

''નાસ્તા વિના કંઈ ચાલે ? બજારમાં ચવાણું ક્યાં ઓછું મળે છે ? ચોથિયા કાગળના કકડા પર ચપટી ચપટી છાંટી દઈએ : છોકરાં રાજી !''

''ત્યારે તો મારે તમારું બાલમંદિર જોવા આવવું પડશે. પણ, બહેન, બાલમંદિર

જઈને તમે કરો છો શું? તમે ભણાવતાં નથી, તો બીજું કંઈ કામ કરતાં હશો ને?''

''જુઓ - પાછો આવો સવાલ પૂછ્યો? આ તો ઠીક કે તમે ચંદાના માસ્તર છો, એટલે પૂછો છો તેના જવાબ આપું છું. નહિ તો ભલભલા વકીલ પણ મને બોલવામાં બાંધે નહિ, હોં! ઠીક, તમે પૂછયું શું? હું ભૂલી ગઈ.''

''હું એમ પૂછું છું કે, તમે બાલમંદિરમાં જઈ કરો છો શું?''

''એ જ ને! બળ્યું! બાલમંદિરમાં જઈ કરવાનું શું હોય! હું તો ખુરશી પર બેસી રહું છું. એક-બે છોકરાં ધમાલ કરતાં હોય, તેમને ધોલધપાટ મારી છાનાં રાખું છું. એકાદ-દોઢ વાગે એટલે કોઈ માંદું હોય તેની ખબર કાઢવા જાઉં છું, કે કોઈ મરી ગયું હોય તો કાળો સાડલો પહેલી તેને ત્યાં બેસવા જાઉં છું. કોઈ વાર પેલી બાલમંદિરવાળી મારી બહેનપણીને ત્યાં પણ જાઉં. ચાર વાગ્યા પહેલાં પાછી આવી જાઉં છું. હું ન હોઉં ત્યારે ફી આવી હોય તે પેલી છોડીઓ પાસેથી લઈ લઉં છું. છોડીઓ ફીની પહોંચ ફાડે. આમાં શી ધાડ મારવાની હતી?''

''વાતા સાચી છે. બાલમંદિર ચલાવવું એમાં ધાડ મારવાની નથી હોતી.''

''જુઓ, પાછા મહેરકે બોલ્યા? હું તો સાચી વાત કહું છું. મારી પડખે પેલો રામજી પટાવાળો બાલમંદિર ચલાવે છે. બહાર રસ્તા પર મિલમાં જતો કારકુન બાલમંદિર ચલાવે છે. એક તેડાગર બાઈ હતી, તે પતરાંની ખોલીમાં બાલમંદિર ચલાવે છે. આવાં આવાં કેટલાંય બાલમંદિર ચલાવે છે. તમે મારી વાત સાંભળી ભડકો છો કેમ? હું તો કહું છું. ભલું થજો પેલી ગોરી ડોશી - નામ તો નથી આવડતું - તેનું, અને લાંબી લાંબી મૂછોવાળા પેલા ગજુભાઈનું, કે અમારા જેવી રાંડેલીઓને એમણે રોટલો મેળવી આપ્યો. મેં તો મારા બાલમંદિરમાં ગજુભાઈનો ફોટો મઢાવીને રાખ્યો છે. સવારે-પૂજા કરી એમના ફોટાને રોજ બે ફૂલ ચડાઉં છું.''

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ *સંચાલિત*

**શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય**

**શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન**

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન – નાલાસોપારા**

## વર્ષ ૨૦૨૫ ચાતુર્માસ પર્વ માટે અગત્યની સુચના

આ વખતે પૂ. મ. સાહેબ તથા પૂ. મહાસતીજીઓના પ્રવેશને અનિવાર્ય સંજોગોને આધીન મોકુફ રાખવામાં આવેલ છે. કારણ કે આજુબાજુના ઘણા બધા મકાનો રીડેવલપમેન્ટમાં ગયા છે. જેથી માટી તથા ધુળની ડમરીઓ હવાના હિસાબે પ્રદુષણ ફેલાવે છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખીને ચાતુર્માસ પર્વ દરમ્યાન વ્યાખ્યાનનો લાભ નહી મળી શકે. પરંતુ અન્ય સાધર્મિક આયોજન યથાવત રાખવામાં આવેલ છે. સૌને લાભ લેવા વિનંતી.

**કન્વીનર**

**દિપ્તીબેન શાહ ● નરેન્દ્રભાઈ ગાંધી**

## ભિખારીનો દોસ્ત

મુંબઈ મહાનગરનાં પરા વિસ્તારની સડકે એક ભિખારી બેઠો ભીખ માગતો હતો. લોકોનાં ટોળાં હતાં અને અવરજવર પણ ખાસ્સી હતી. પણ ભીખ દેનારા લોકો ગણ્યાંગાંઠ્યા જ હતાં.

ત્યાં એક માણસ આવ્યો. વેશકેશે ગરીબ દેખાતો હતો. તેને લંગડા ભિખારી પર દયા આવી પણ તેની પાસે કશું જ નહોતું. એની આંખે એવા વિચારથી આંસુ આવ્યાં કે પોતે ભિખારીની કોઈ સહાય કરી શકતો નથી. કંઈક વિચારતો એ ભિખારીની નજીક આવ્યો અને કહ્યું, ''માફ કરજે ભાઈ, મારી પાસે તને અપાય. એવું કંઈ નથી.''

ભિખારી ચૂપ રહ્યો.

એ માણસે ભિખારીની પડખે બેસીને તેનો હાથ પ્રેમપૂર્વક પોતાના હાથમાં લઈ લીધો. ભિખારીને તેના હાથનાં સ્પર્શમાં અવર્ણનીય કરુણાની હૂંફ અનુભવાઈ.

ભિખારીની આંખમાં આંસુપૂર હતું. તેણે કહ્યું – ''તારી પાસે જે છે તે બહુ ઓછા પાસે હોય છે. તેં મને પહેલીવાર 'ભાઈ' કહીને વાત કરી. પૈસા તો ઘણાં આપે છે, પણ પ્રેમ આપનાર તારા જેવો સમ્રાટ મેં પહેલીવાર જોયો.''

એ માણસ કંઈક બોલવા ગયો તે પહેલાં ભિખારીએ તેને કહ્યું,

''આ તરફ જ્યારે જ્યારે નીકળવાનું થાય ત્યારે મારો હાથ તારાં પ્રેમાળ હાથે ઘડીભર થામીને બેસી જજે. મારાં માટે એ મોટામાં મોટું પ્રેમદાન હશે.''

પછી તો - એ માણસ અને ભિખારી અચ્છા દોસ્ત બની ગયાં.

જ્યારે જ્યારે પણ એ માણસનું તે રસ્તે નીકળવાનું બનતું ત્યારે ત્યારે તે અવશ્ય અને અચૂક ભિખારી પાસે બેસતો અને તેનો હાથ પોતાના હાથમાં લઈ વાતો કરતો. એટલું જ નહિ ભિખારીનાં જન્મદિવસે તે ત્રેવડ જેવડી નાનકડી ભેટ પણ લઈ જતો.

**- ડૉ. હરેશ 'તથાગત'**

# ડગલે પગલે વિશ્વાસ



અમૃત બાન્ટાઈવાળા

વિશ્વાસ એ માણસો માટે જરૂરી એવો ગુણ છે. એનો વિરોધી શબ્દ અવિશ્વાસ છે. વિશ્વાસ અને અવિશ્વાસથી માણસ કેવો હશે એની પરીક્ષા થાય છે.

- જીવનની પ્રત્યેક ક્ષણે....

- જીવનના અનેક પ્રસંગોમાં માણસને માણસોમાં વિશ્વાસ રાખવો પડે છે. ભિન્ન ભિન્ન પ્રસંગોમાં એને વિશ્વાસની અનુભૂતિ થાય છે. અને અવિશ્વાસનો પરિચય પણ મળે છે.

વિશ્વાસ કયાં કયાં નથી ?

- જીવનના પ્રત્યેક શ્વાસમાં વિશ્વાસ છે આપણને. સૂર્યના પ્રકાશમાં આપણને વિશ્વાસ છે. ચંદ્રની શીતળતામાં આપણને વિશ્વાસ છે. નદીના જળમાં વિશ્વાસ છે આપણને. વહેતા મંદમંદ શીતળ પવનમાં પણ આપણને વિશ્વાસ છે. જીવસૃષ્ટિના ભલા માટે કુદરતે નિર્માણ કરેલાં આ સમગ્ર તત્વોમાં આપણને વિશ્વાસ છે. કારણ એના આધારે આપણું જીવન છે. આપણું હિત છે.

- વિશ્વાસ અહીં પણ છે.

પિતાનો પુત્ર પરનો વિશ્વાસ.

પુત્રનો પિતા પરનો વિશ્વાસ.

પતિનો પત્ની પરનો વિશ્વાસ.

આપણા પડોશીનો આપણા પરનો વિશ્વાસ. આપણો પાડોશી પરનો વિશ્વાસ. ગ્રાહકનો વેપારી પરનો વિશ્વાસ.

વિશ્વાસ હોવો એ અત્યંત સારી બાબત છે. વિશ્વાસથી વહાણ તરે છે.

ભગવાન પરના વિશ્વાસે અનેક ભક્તોનાં કામ ભગવાને કર્યાં છે. નરસિંહ મહેતાની હૂંડી ભગવાને શામળિયાશેઠ બની સ્વીકારી છે. રાણાએ મોકલેલા ઝેરના પ્યાલાને ભગવાન પરના વિશ્વાસે જ મીરાંબાઈ પી ગયેલાં. ગરમ કરેલા તપાવેલા લોખંડના થાંભલામાં પોતાનો ભગવાન છે એવા વિશ્વાસના લીધે જ ભક્ત પ્રહલાદ એને ભેટેલો. ચાખી ચાખીને એંઠાં કરેલાં પોતાનાં બોર ખાવા ભગવાન રામ જરુર એક દિવસ પધારશે જ એવો વિશ્વાસ શબરીને હતો જ. આ થયો ભક્તોનો ભગવાન પરનો વિશ્વાસ.

વ્યવહારુ જીવનમાં વિશ્વાસ અત્યંત જરૂરી છે.

પિતા પુત્રનું એવા વિશ્વાસથી પાલન પોષણ કરે છે કે વૃદ્ધ થતાં પુત્ર પોતાનો આધાર બનશે. વૃદ્ધાવસ્થામાં એની કાળજી રાખશે. પતિ પત્નીને એકબીજા પર વિશ્વાસ હોવો અત્યંત જરૂરી છે. પ્રસન્ન દાંપત્ય માટે વિશ્વાસ અત્યંત જરૂરી છે. પતિને પત્નીનાં કાર્ય અને ચરિત્ર પર વિશ્વાસ હોવો જોઈએ. પત્નીને પણ પતિ પર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ.

આપણે જ્યારે બસ, રેલગાડી, વિમાનમાં મુસાફરી કરતા હોઈએ છીએ ત્યારે મુસાફરીનો અનેરો આનંદ માણતા હોઈએ છીએ. આપણે નીરાંતે આનંદથી આજુબાજુનાં સ્થળો જે તે વાહનમાં બેઠા બેઠા જ જોતા હોઈએ છીએ. આપણને આપણા વાહન- ચાલક- ડ્રાઈવરમાં વિશ્વાસ હોય છે. એના વિશ્વાસ પર જ આપણે મુસાફરી કરીએ છીએ. આપણે ભલે વાતો કરતાં હોઈએ, હસી મજાક કરતાં હોઈએ. ક્યારેક આનંદથી નાના બાળકો સાધનોમાં કૂદાકૂદ કરતાં હોય છે. કારણ આપણો ડ્રાઈવરમાં વિશ્વાસ હોય છે. સામે પક્ષે ડ્રાઈવર પણ અત્યંત વિશ્વાસથી સ્વસ્થચિત્તે વાહન ચલાવતો હોય છે. એને ખબર છે કે અંદર બેઠેલા માણસોની જિંદગી એના હાથમાં છે. દ્રોણાચાર્યનું પુતળું બનાવી એકલવ્યે ધનુર્વિદ્યા શીખી લીધી. ગુરુ પરના વિશ્વાસને લીધે એને વિદ્યા પ્રાપ્ત થઈ. દ્રોણાચાર્યએ જ્યારે ગુરુદક્ષિણામાં હાથનો અંગૂઠો માગ્યો તો એટલા જ વિશ્વાસથી એણે અંગૂઠો કાપીને આપી દીધો.

- વિશ્વાસથી ખેડૂત કણ વાવે છે અને મણ મેળવે છે. આપણી બેંકની પાસ બુકમાં જમા કરેલી રકમ, એ પેનની શાહીથી લખેલી રકમમાં આપણને વિશ્વાસ છે કે મારા આટલા રૂપિયા બેંકમાં જમા છે, મારી પાસે આટલા રૂપિયા છે. જ્યારે જરૂર પડશે ત્યારે મળશે એવો પાકો વિશ્વાસ છે.

માણસે ડગલે ને પગલે વિશ્વાસ રાખવો પડે છે.

પરંતુ જ્યારે વિશ્વાસ ડગી જાય છે ત્યારે....ત્યારે અવિશ્વાસ જન્મે છે. અવિશ્વાસથી ક્યારેક નુકસાન થાય છે. અવિશ્વાસનું ભયંકર પરિણામ આવી શકે છે. કોઈકને આપેલા પૈસા પરત આવશે કે નહિ એ વિચારે વિશ્વાસ ડગમગે છે, અવિશ્વાસ જન્મે છે. વિશ્વાસથી આપેલા પૈસા ક્યારેક પરત નથી આવતા. આપણો પડોશી કયાંક આપણી નિંદા તો નથી કરતો ને ? એવી શંકાથી પડોશી પર શંકાનાં વાદળો ઘેરાવાનું શરૂ થાય છે. આપણને ન ગમતો માણસ કોઈક માણસ સાથે બીજી વાતો કરતો હોય તો પણ આપણને વિશ્વાસ નથી આવતો. આપણે એમ જ માનીએ છીએ કે એ મારી જ વાતો કરે છે. આપણા સંતાનના દુર્ગુણ તરફ કોઈ સંકેત કરે તો આપણને પણ પેલા શુભચિંતકની વાતોમાં

વિશ્વાસ નથી પડતો. પુત્ર પરનો આપણો વિશ્વાસ અડગ રહે છે. પરંતુ પુત્રના દુર્ગુણો આપણે જાતે જોઈએ છીએ ત્યારે પુત્ર પરનો આપણો વિશ્વાસ ડગી જાય છે.

- માણસ જીવનની આ જ તો વિશેષતા છે.

- એ વિશ્વાસ પણ કરે છે. અને અવિશ્વાસ પણ કરે છે. વિશ્વાસે વહાણ તરે છે અને વિશ્વાસે વહાણ ડૂબે પણ છે. એની એને ખબર છે. છતાંય આપણે એકબીજાના સહારે વિશ્વાસથી જીવીએ છીએ.

ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક સદગૃહસ્થને ઊભા રહેલા એક ભાઈએ કહ્યું : 'હવે તો બહુ સાચવવું પડે એવું છે. ગઈ કાલે જ આ ગાડીમાં ચારથી પાંચ ખિસ્સાં કપાઈ ગયાં હતાં. એક બે જણાની બેગો પણ ચોરાઈ ગઈ હતી. કોઈના પર વિશ્વાસ જ ન રખાય.

'તમારી વાત સાચી છે.' કહી મુસાફરી કરી રહેલા પેલા સદગૃહસ્થે ઉભા રહેલા ભાઈને પોતાની બાજુમાં બેસવા જગા કરી આપી. પેલો ભાઈ બેઠો. ટ્રેનમાં ગીરદી હતી. આગલા સ્ટેશને પેલો ભાઈ ઉતરી ગયો. આગલા સ્ટેશને સદગૃહસ્થ ઉતરવાના હતા. સ્ટેશન આવતાં તેઓ ઊભા થયા. પોતાની પાછળ મુકેલો થેલો લેવા જાય છે તો થેલો ન હતો. ઝભ્ભાના ખિસ્સામાં હાથ ઘાલ્યો તો ખિસ્સું પણ કપાયેલું હતું.

સામે બેઠેલી વ્યક્તિએ કહ્યું : 'તમે જેને બેસવા જગ્યા આપી એ ગુંડો હતો. એ જ તમારી બેગ લઈ ગયો અને ખિસ્સુ કાપી ગયો એનો આજ ધંધો છે. અમે રોજ ગાડીમાં આવ-જા કરીએ છીએ એટલે અમને ખબર છે.

- પેલા સદ્‌ગૃહસ્થને આંચકો લાગ્યો. કોના પર વિશ્વાસ કરવો. ❖❖❖

# માતાનું કામ

**મહેશ દવે**

રમાબહેન અને સરલાબહેન એકબીજાનાં મિત્ર થઈ ગયેલાં. બંને સારાં ખમતીધર કુટુંબનાં હતાં. રમાબહેન એમ.એ. થયેલાં અને સરલાબહેન એમ.એસ.સી. ઘણા લોકો તેમને કહેતાં, 'આટલું' ભણ્યાં છો તો 'જૉબ' કરો ને ! જાણે 'જોબ' કરવાથી માથે છોગું લાગતું હોય. બંને બહેનપણીઓ જાતે પોતાની કાર ચલાવતી. છોકરાંઓને નિશાળે મૂકવા-લાવવા જતાં. બંને શાળામાં મળતાં. ત્યાંથી જ તેમની મૈત્રી જામી હતી.

એક દિવસ સરલાબહેન નિશાળે તેમની દીકરીને લેવા આવ્યાં ત્યારે ધૂંઆ-પૂંઆ હતાં. રમાબહેને પૂછ્યું, 'શું થયું ?' 'આ બધી પુરુષોની બાબુશાહી ! જાણે શુંયે સમજે છે એમની જાતને ?' સરલાબહેન ઊકળી ઊઠ્યાં, 'હું આજે 'ડ્રાઈવિંગ લાઈસન્સ રિન્યુ' કરાવા ગઈ'તી ત્યાં કારકુને એના ફૉર્મમાં ભરવા માટે પૂછ્યું, 'વ્યવસાય ?' હું જરા થોથવાઈ, શું કહેવું ? ત્યાં એ બોલ્યો, 'કંઈ નહીં' એવું લખી નાખું ? તરત મેં કહ્યું, 'વ્યવસાય, માતા તરીકેનો'. તો એણે કહ્યું, 'એ કંઈ વ્યવસાય ન કહેવાય. 'ગૃહિણીનો, ઘરકામનો વ્યવસાય એવું લખું છું.' માતાનું કામ કેટલું ભારે છે, એ આ લોકોને શી ખબર ? બાળકને નવડાવવું-ધોવડાવવું, મોટું કરવું, ઉછેરવું, બધું શિખવાડવું, શાળામાં મૂકવું-લાવવું, નાસ્તા કરી આપવા, વાર્તાઓ કહેવી.માંદું પડે ત્યારે સારવાર કરવી, બાર કલાકનું નહીં ચોવીસ કલાકનું કામ છે ! શું સમજ પડે એ પુરુષશાહી બાબુઓને – બે બદામના કલાર્કોને ? !'

રમાબહેનને લાગ્યું કે, સરલાબહેનની વાત તો સાચી હતી. પોતાનો વારો આવે ત્યારે એ મૂઆ ક્લાર્કને બરાબર સંભળાવી દેવાનું રમાબહેને નક્કી કર્યું, ચાર-છ મહિના પછી રમાબહેનને પોતાનું 'લાઈસન્સ' 'રિન્યૂ' કરવાનું આવ્યું. કારકુનનો સવાલ આવ્યો, 'વ્યવસાય ?' રમાબહેને જવાબ આપ્યો, 'બાળવિકાસ અને માનવસંબંધોના સંશોધનમાં હું 'રિસર્ચ આસિસ્ટન્ટ, તરીકે કામ કરું છું.'

કારકુન-બાબુનો હાથ થીજી ગયો. એમનું ચોપડામાં નીચે ખૂંપેલું માથું ઊંચું થયું. નાક પરનાં ચશ્માં દાંડીએ હતા તે જરા ઉપર ચડાવ્યાં. એણે પૂછ્યું, 'એ કામમાં શું કરવાનું હોય ?' રમાબહેને ઠાવકું મોં રાખી કહ્યું, 'અરે ! મારે તો બાળકના વિકાસ પર સતત નજર રાખવી પડે - ઈનડૉર ને આઉટડૉર, એ શું કરે છે ? શું માગે છે ? એને જાળવવું પડે, સાચવવું પડે.' (કંઈ માએ આ બધું નથી કરવું પડતું ?) અને બાળકો તો આવ્યાં જ કરે છે. (રમાબહેનને ચાર સંતાનો હતાં - ચારે છોકરીઓ). પ્રયોગશાળામાં દરેક બાળક જુદું, દરેકના પ્રશ્નો જુદા, વર્ગીકરણ કરવું મુશ્કેલ, આંકડાશાસ્ત્રની પદ્ધતિથી તારણો કાઢવાં મુશ્કેલ...' રમાબહેન બોલ્યે જતાં હતાં અને પેલો ક્લાર્ક આભો થઈને જોઈ રહ્યો હતો. હાથ ઊંચો કરી એ બોલ્યો, 'બસ બસ. વ્યવસાયની કૉલમમાં લખું છું, 'સંશોધન'. રમાબહેને કહ્યું, 'ના, ના. લખો બાળસંશોધન. એ સારું લાગશે.'

કોઈ સ્ત્રીમાં વિશિષ્ટ આવડત (talent) હોય અને એ તેના વ્યવસાયમાં સિદ્ધિ મેળવે એમાં વાંધો નથી. એ સારું જ છે. કોઈ સ્ત્રીને માથે પોતાની કે ઘરની જવાબદારી હોય અને તે 'જૉબ' કરે તો તેમાં કંઈ ખોટું નથી. પરંતુ સ્ત્રી ઘરમાં રહી માતા તરીકે પોતાની જવાબદારી બજાવે, ગૃહિણી તરીકે કામમાં સમય આપે તો તે કામ કંઈ ઓછું મહત્ત્વનું નથી. ખાસ્સો પરિશ્રમ, આવડત સમય અને શક્તિ માગી લે છે. પુરુષો, સ્ત્રીઓ અને સમાજે માતાના કામને નાનું, હળવું કે હલકું ગણવા જેવું નથી.

❖❖❖

# સાસુનો પત્ર

**રંભાબહેન ગાંધી**

**ચિ. નીલા,**

**આ** પત્ર વાંચીને કદાચ તને આશ્ચર્ય થશે. તીર્થક્ષેત્રમાં આવ્યાં આજે પંદર દા'ડા થયા, ને એ પંદર દા'ડામાં તારી યાદ પચાસ વાર આવી હશે. હું અહીં આવવા નીકળી ત્યારે તારી આંખો ભરાઈ ગઈ હતી ને તું બોલી ઊઠેલી કે, બા, મારાથી કંઈ કહેવાઈ ગયું હોય તો મને માફ કરશો. ને પછી નાનકડા નચીને મારા ખોળામાં મૂકીને બોલી હતી કે, અમને નહીં તો આને યાદ કરીને જલદી આવજો, બા!

તો શું, નીલા, તું જાણતી નથી કે મને પણ તમારી બધાની કેટલી માયા છે? મારે ત્રણ દીકરા ને બે દીકરીઓ. એક દીકરીને પરણાવી, ને બીજી તો નાનપણમાં જ ગઈ; એને તો તેં જોઈ પણ નહોતી. પણ તને જ્યારે મેં પહેલવહેલી જોઈ ત્યારે ક્ષણભર તો એમ થયું કે જાણે મારી આરતી જ પાછી આવી! ને મારો સ્નેહ તારી તરફ વધારે ઢળ્યો. મોટા ભાઈઓ જુદા થયા, ને હું તમારી સાથે રહી. મને તું વધુ ગમતી, તે ઉપરાંત નાનો દીકરો પહેલેથી જ મારો લાડકો હતો. એ છ મહિનાનો હતો ત્યાં એણે એના પિતાની છાયા ગુમાવી, એટલે મારા પ્રેમનો વિશેષ અધિકારી બન્યો. વળી એનો બાંધો મૂળથી નબળો તેથી એની વધારે સંભાળ રાખવી પડતી – અને હજીય રાખવી પડે તેમ છે. તે જ કારણે મારે તને કોઈ વાર ટોકવી પણ પડે છે. યાદ છે ને – તે દિવસે ઠંડીમાં તું એને ખુલ્લામાં નાટક જોવા ખેંચી ગઈ હતી, ને પછી એ બરાબર એક મહિનો હેરાન થયો ત્યારે મારે તને બે શબ્દો કહેવા પડેલા?

તને કોઈ વાર વધુ ખર્ચા કરતી જોતી ને મનમાં થતું કે એ બરાબર નથી, છતાંયે કહેતી નહીં. પણ એક વાર તેં જરા વધુ પડતું ખરીદી નાખ્યું ત્યારે મારાથી એટલું કહેવાઈ ગયું કે, બાપુ! આમ આંખ મીંચીને ખરચીએ તો ભર્યા કૂવાયે ઠાલા થઈ જાય!

બીજે દિવસે કિરીટે મને કહ્યું કે, ''બા, આટલો લોભ શા માટે?'' ને હું સમજી



ગઈ કે એ કિરીટ દ્વારા તું જ બોલતી હતી. તમારો ઈશારો જ મારા માટે બસ થઈ પડે. પણ જેને અત્યાર સુધી મારાં જ માન્યાં છે તેને લાગણીથી, તેમના ભલા માટે કંઈક કહેવાઈ જ જાય છે.

તું મજાનું પહેરી-ઓઢીને ફરે ત્યારે મને થાય છે કે મારી દીકરી જ જાણે ફરે છે. એટલે જ તે દિવસે મેં તને ટોકેલી, કારણ કે એટલાં ઝીણાં વસ્ત્રો ને એવી સિલાઈ કુળવાન વહુ-દીકરીને ન શોભે એવાં આછકલાં લાગેલાં. પણ તને એ નહીં ગમેલું.

આમ તને કોઈ કોઈ વાર ટોકી હોય તેવા બનાવો યાદ આવે છે.... એક વાર તેં બરણીમાંથી મરચું કાઢ્યું પછી વાતોમાં બરણી ઉઘાડી જ રહી ગઈ હશે, ને બાર મહિનાની મરચામાં બાચકાં પડી ગયાં ત્યારે મેં તને સહેજ ઠપકો આપેલો. કોઈ વાર નચી માટે બે શબ્દો કહેવા પડ્યા હશે.

પરંતુ આવા બનાવો તો ઘર હોય ત્યાં બન્યા કરે. ને આખરે મેં કહ્યું, તે તારા ભલા માટે જ ને? મેં કંઈ એમ તો નહોતું કહ્યું ને કે, મને મિષ્ટાન્ન બનાવીને જમાડ... કે મારા માથામાં તેલ ઘસી દે... કે મારા પગ દાબ.

ખરું કહું છું નીલા, જ્યારે ન જ ચાલે એવું લાગે ત્યારે જ હું કંઈક કહું છું. બાકી કેટલીય વાર તો ગમ થાઈ જાઉં છું. કારણ કે આપણી બે વચ્ચે થોડી પણ જીભાજોડી થઈ જાય, તો લોકોને થાય જોણું ને આપણાા ઘરનું થાય વગોણું. બા તો તમારા સુખે સુખી ને તમારા દુઃખે ને તમારા દુઃખે દુઃખી છે. તમને આનંદ કરતાં જોઈને તો એનો આત્મા પ્રસન્ન રહે છે.

ખેર, આ વાત તું કદાચ અત્યારે નહીં સમજે. નચી મોટો થશે અને મારી જગ્યા તું લઈશ ત્યારે તને સમજાશે. આજકાલની વહુઓ કુળવધૂ કરતાં વરવધૂ જ બનીને આવે છે. ને જાણે આવતાં જ કહી દે છે કે, ''એય ડોશીમા, હવે તમારા દીકરા પરનો હક ઉઠાવી લો... હવે એ અમારો છે.'' ખરું છે, વહુદીકરા, ખરું છે. એટલે જ ડાહ્યાઓએ કહ્યું છે ને કે, ''લોચોપોચો માડીનો, ને છેલછબીલો લાડીનો.'' પણ લાડી ને ભૂલે કે એ લોચોપોચો માના હૈયાનો ટુકડો છે; એ ધારે તોયે એને એકદમ છૂટો નથી કરી શકતી. માયાના તાર એની સાથે બંધાયેલા રહે જ છે.

જવા દે એ બધી વાતો. તને થશે કે, અહીં કહેતાં'તાં તે શું ઓછું હતું કે હવે વળી ત્યાંથીયે રામાયણ લખવા માંડી ! પણ હું આ લખું છું તે તને દુઃખી કરવા માટે નહીં, પરંતુ મારું મન જરાક ખુલ્લું મૂકવા જ.

આટલા દા'ડા મને થતું હતું કે તારો કાગળ કદાચ આવશે. પણ આશા ફળી નહીં...

♦♦♦

તા.ક. ઉપલો કાગળ લખી રાખ્યો હતો, તેને ટપાલમાં નાખવા આજે માણસ જતો હતો ત્યાં જ તારો પત્ર આવ્યો ને મારા આનંદનો પાર રહ્યો નહીં. નીલા ! મારી દીકરી નીલા ! મેં તને કેટલો અન્યાય કર્યો ! તું કેટલી દુઃખી થઈ ગઈ છે ! ના દીકરી, ના, હું અહીં કાયમ રહેવા થોડી જ આવી છું ? ને એમાં, બાપુ, તારે માફી માગવાની શેની હોય ? તું તો છોકરું છે; બે વચન બોલી તોયે શું થઈ ગયું ? તું લખે છે કે કિરીટને બહુ દુઃખ થયું છે ને હું અહીં આવી ત્યારથી એ તારી સાથે મન મૂકીને બોલતો પણ નથી, કેવો ગાંડો છે મારો દીકરો !

અને નચી ''દાદીમા દાદીમા'' કર્યા કરે છે, તો એને કહેજે કે બેટા, હુંય અહીં ''નચી નચી'' કર્યા કરું છું. મૂળ કરતાં વ્યાજ વધુ વહાલું લાગે છે. ઘડીભર પણ મારા એ કનૈયાની છબી મારી આંખ આગળથી ખસતી નથી. અહીં મંદિરમાં કનૈયાનાં દર્શન કરતાં મને તો મારો કનૈયો જ ''દાદીમા, લાદવો દો !'' કહેતો નજરે તરે છે.

બે દા'ડામાં જ હું ત્યાં આવું છું. ફાવે એટલું કહું, પણ તમારી માયા છૂટે ખરી ? આ પત્ર પોસ્ટ તો કરું છું, પણ આનેય ભૂતકાળની વાત માની લેજે. તારા પત્રથી મારો રહ્યોસહ્યો રોષ પણ ચાલ્યો ગયો છે. ને દીકરી નીલા ! પડેલા સ્વભાવને કારણે તને કાંઈ કહેવાઈ જાય, તો મને સાસુ ગણવાને બદલે મા સાથે સરખાવજે. હું પમ એ જ વિચાર કરીશ કે વહુ છે તેથી શું થઈ ગયું ? એની માની તો દીકરી જ છે ને ? અને આખરે તો મારી પણ દીકરી જ છે ને ?

❖❖❖

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

**ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેવસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.**

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રસમાં ફેરફાર કરવો હોય તો સભાની ઑફિસમાં જ નિરવભાઈ શાહનો ૯૮૧૯૦૧૨૪૬૮ સંપર્ક કરવો. સમય : ૧૨.૦૦ થી ૭.૦૦ રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન આપવી.**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- બોટાદ નિવાસી - હાલ - બોરીવલી (વેસ્ટ), શ્રી અતુલભાઈ મહાસુખભાઈ ગોપાણીના સુપુત્ર શ્રેણીકના શુભલગ્ન મેંદરડા નિવાસી - હાલ કાંદિવલી (વેસ્ટ), શ્રી રાજેશભાઈ નંદલાલ કુંભાણીની સુપુત્રી અદિતી સાથે થયા તે પ્રસંગ ભેટ
- ધાંગધ્રા નિવાસી - હાલ - ઘાટકોપર, રાજેશભાઈ નટવરલાલ સંઘવી તરફથી

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ**

**સભાના સભ્યોને અગત્યની સુચના**

**શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણી અને શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી પ્રયોજીત**

## છેલ્લી તક — છેલ્લી તક — છેલ્લી તક

# ડિજીટલ વસતિ પત્રક - ૨૦૨૫

આપણા ઝાલાવાડી સમાજના સંપૂર્ણ ડેટા સાથેના DIGITAL વસતિ પત્રક માટે સભ્યોના લગભગ ૯૦ થી ૯૨ ટકા ફોર્મ ઑનલાઈન ભરાઈને આવી ગયા છે અને હજી પણ ૭ થી ૮ ટકા સભ્યોના ફોર્મ ભરવાના બાકી છે. સભ્યોની માંગણીને માન આપી સભાની કારોબારી મિટીંગમાં પર્યુષણ મહાપર્વ ને ધ્યાનમાં રાખીને આપને **છેલ્લી તક** આપવામાં આવે છે. તા. ૧૫-૦૮-૨૦૨૫ સુધીમાં આપનું વસતિપત્રકનું ફોર્મ ભરાઈ જવું જોઈએ. જે સભ્યોનું **વસતિ પત્રકનું ફોર્મ તા. ૧૫-૮-૨૦૨૫** સુધીમા નહી ભરાયું હોય તો વસતિ પત્રકનું ફોર્મ અને સભાના મેમ્બરશીપ પ્રોગ્રામ સાથે Link હોવાથી. તા. ૧૬-૮-૨૦૨૫ પછી આપનું એડ્રેસ ઓટોમેટીક બંધ થઈ જશે જેના કારણે સભા તરફથી મળતી સગવડ જેવી કે સેનેટોરિયમ બુકીંગ - સભાની પત્રિકા અને સભાનું લ્હાણું પણ બ્લોક થઈ જશે. માટે આપ સહુને નમ્ર વિનંતિ કે **તા. ૧૬-૦૮-૨૦૨૫** પહેલા વસતિ પત્રકનું ફોર્મ ભરીને સભાના આ ભગીરથ કાર્યમાં સહકાર આપશો.

**માનદ્ મંત્રીશ્રી**

# શ્રી ઝાલાવાડી સભાની પ્રથમ ઈન્ટરનેશનલ ટૂર અજરબૈજાન બાકુ અહેવાલ

***તા. ૩૦-૦૫-૨૦૨૫ થી ૬-૬-૨૦૨૫ સુધી***

ઝાલાવાડી સભાની પ્રથમ ઈન્ટરનેશનલ ટૂર અજરબૈજાન બાકુ ખાતે તા. ૩૦-૦૫-૨૫ થી ૬-૬-૨૫ સુધી આપણા ઝાલાવાડના અમ્મપાલ ટૂર્સના અમિત શાહના સથવારે યોજાયેલ હતી.

આ ટુરમાં કુલ ૫૨ સભ્યો જોડાયેલ હતા. પાંચ વર્ષના બાળકોથી લઈને સીનીયર સીટીઝન વડીલોએ આ યાદગાર ટુરમાં ખૂબ આનંદ માણ્યો હતો.

ઝાલાવાડી સભા કમિટી દ્વારા જ્યારે આ ટુર કરવાનું નક્કી થયું ત્યારે આ ટુરની જવાબદારી મંત્રીશ્રીઓ અતુલભાઈ શાહ, અનિલભાઈ સંઘવી અને મુકેશભાઈ ચશ્માવાળાને સંયુક્ત રીતે સોંપેલ હતી જેનું સફળતાપૂર્વક અને સુંદર આયોજન કરી આ ત્રિપુટીએ સભાની યશકલગીમાં એક સુવર્ણ પુષ્પ ઉમેરેલ હતું.

બાકુ એરપોર્ટ ઉતરી આલિશાન મર્સિડીઝ કોચ દ્વારા સર્વે સભ્યો આનંદ કિલ્લોલ કરતા ગબાલા પહોચ્યા. ત્યાં બે રાત્રિના રોકાણ દરમ્યાન સભાના મંત્રીશ્રી અનિલભાઈ સંઘવીની ૪૩ મી મેરેજ એનિવર્સિરી ખૂબ ઉલ્લાસભેર ઉજવેલ. આ પ્રસંગે સભાના ટ્રસ્ટી અને પ્રમુખશ્રી પ્રવિણભાઈ શાહે આ દંપતિને આર્શીવચન આપેલ અને કેક કટીંગ કરી સર્વે મિત્રોને આનંદમાં ભાગીદાર કરેલ આ સેલિબ્રેશનની જવાબદારી મુકેશભાઈ ચશ્માવાળા અને ચેતનભાઈ ગોસલિયાએ પાર પાડેલ હતી.

પ્રતિસાદમાં અનિલભાઈએ ઝાલાવાડી સભાને રૂા. ૫૦૦૦/- ભેટ આપેલ અને સુંદર વસ્ત્ર પરિધાન કરેલ સભ્યોને ઈનામ આપવામાં આવેલ.

ઝાલાવાડી સભાની પ્રથમ ફોરન ટૂરની યાદગીરી નિમિત્તે દરેક સભ્યોને એક કેબિન લગેજ બેગ ભેટ આપવામાં આવેલ અને જતા પહેલા સર્વે મિત્રોની પ્રી-ડિર્પાચર ગેટ ટુગેધરનું બોરીવલી MCF ક્લબ ખાતે મંત્રીશ્રી અતુલભાઈ એ જવાબદારી લઈને આયોજન કરવામાં આવેલ. જેમાં ટ્રસ્ટીશ્રી પંકજભાઈ સંઘવી, શ્રીમતી મનિષાબેન શાહ તેમજ કમિટી સભ્ય શ્રીમતી મીરાંબેન હાજર રહ્યા હતા.

દરરોજ નિતનવી વાનગીઓ અને મનભાવતા ભોજન આરોગીને સભ્યમિત્રોને જલસો પડી ગયો હતો. ટુર દરમ્યાન ગાલા ડિનરનું આયોજન, ૫ સ્ટાર હોટેલમાં રોકાણ, ગબાલા અને શાદાગ ખાતે વિવિધ રાઈડ તેમ જ ઉત્કૃષ્ટ સાઈટ-સીઈંગ આ ટુરની સફળતાના મુખ્ય આધારસ્તંભ હતા. અમ્મપાલ ટુર તરફથી દરેક સભ્યોને એક Sling Bag, Cap તેમ જ નાસ્તાના હેમ્પર આપવામાં આવેલ.

૬ રાત્રિ/ ૭ દિવસના આ આયોજનમાં દરેક સભ્યો એકબીજાની ખુબ નજીક આવ્યા હતા અને દરેક મિત્રોએ આવી ટૂરનું આયોજન દર વર્ષે કરવા માટે માંગણી કરલે હતી અને હવે પછીની ટુર માટે દરેક મિત્રોએ પોતાના નામ અગાઉથી નોંધવા વિનંતી કરેલ.

ફરીથી મળવાનો વાયદો કરી ટુરના મીઠા મધુર સંસ્મરણો વાગોળતા દરેક સભ્ય મિત્રો છુટા પડેલ અને પોતાના સ્વગૃહે સહીસલામત પહોંચી ગયેલ હતા.

ઝાલાવાડી સભાની કમિટીમાંથી પ્રમુખશ્રી પ્રવિણભાઈ જી. શાહ, અનિલભાઈ સંઘવી, મુકેશભાઈ શાહ અને ચેતનભાઈ ગોસલિયા જોડાયેલ હતા.

**સંકલન : અતુલ શાહ- અનિલ સંઘવી-મુકેશ શાહ (ચશ્માવાળા)**

# અભિનંદન



**બોટાદ નિવાસી - હાલ માટુંગા.**

**મોહિનીબહેન કમલેશભાઇ ગાંધી તથા કમલેશભાઇ ધીરજલાલ ગાંધી ની સુપુત્રી.**

## ચિ. ડૉ. ચાર્મી

**DM Endocrinology [AIIMS]** ની પરીક્ષા May-2025 માં પ્રથમ પ્રયાસે પાસ કરી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે.

**DNB (Medicine), MD(Medicine), MBBS**

*તમે હાંસિલ કરી છે સફળતા*
*તમે રચ્યો છે ઇતિહાસ*
*તમે પાર કર્યો દરેક અવરોધને*
*તમે વિશ્વમાં પ્રસિધ્ધ થયી ગયા આજે*
*શિક્ષણ એક જીવંત ક્ષણનું જ્ઞાન પૂરું કરે છે,*
*જે દરેક ચિંતન અને અનુભવોને શીખવાની શક્તિ આપે છે*
*ખુબ ખુબ અભિનંદન*

**શુભેચ્છક પરિવારો**

**દાદી - દાદા** : સ્વ . કુંદનબેન ધીરજલાલ ગાંધી.

**નાની - નાના** : સ્વ. ઇન્દુમતી મુકુન્દરાય શાહ

**કાકી - કાકા**

**ફૈબા – ફુવા**

**મામી – મામા**

**માસી – સ્વ. માસા**

**ગાંધી - શાહ પરિવારના જય જિનેન્દ્ર**

Advt.

**BIO DATA**

॥ શ્રી મહાવીરાય નમઃ ॥
॥ શ્રી સહજાત્મસ્વરૂપ પરમ ગુરૂ ॥

# MAHEK SHAH (Turakhia)



**DATE / TIME / PLACE OF BIRTH**
28/10/1998, 16:39, MUMBAI

**CASTE**
Zalawadi Dashashrimali Sthanakwasi Jain

**HEIGHT / WEIGHT**
5' - 10"/ 80 kgs.

**NATIVE PLACE**
Chotila (Dist. Surendranagar)

**EDUCATION**
Chartered Accountant, CFA L2 candidate,
BCOM. (N M College)

**OCCUPATION (Since 2022)**
Equity Research Associate at EMKAY GLOBAL

**HOBBIES**
Music, Travelling, Badminton, Cricket

## FAMILY BACKGROUND

**Father**
Paresh Dhirajlal Shah (Turakhia)

**Mother**
Malti Paresh Shah (Turakhia)

**Address**
F-701, Fern, Aaradhya One Earth,
Naidu Colony Circle,
Ghatkopar East, Mumbai – 400075

**Father's Occupation : Business**
AP Trading Corporation & MK Wires and Insulations
(Dealers in Copper winding wire and electrical SwitchGears)

**Contacts**
Father : 9820631234 / 7738978020
Mother: 9819603525 / 9869588007

**Brother in law**
Rushab Sudhirbhai Desai (Singapore)

**Sister**
Nirali Rushab Desai (Singapore)

**Paternal Grand Parents**
Lt. Dhirajlal Ratilal Turakhia - Vanitaben Dhirajlal Turakhia

**Paternal Uncle - Aunt**
Atulbhai Dhirajlal Turakhia-9820513013
Kaminiben Atulbhai Turakhia

**Maternal Grand Parents**
Lt. Manilal Shivlal Ajmera

**Maternal Uncle**
Manaharbhai Ajmera - 9377443744
Chandrakantbhai Ajmera - 9712928471
(Vasna, Ahmedabad)

Advt.

# BIO DATA

# RIYAA NIRAV SHAH



## EDUCATION:

- VISUAL COMMUNICATION DESIGN (INSTITUTE OF DESIGN & MEDIA)
- PURSUING MBA IN FINANCE (DISTANT) (SYMBOSIS CENTRE - PUNE)

## OCCUPATION:

- CURRENTLY WORKING AT SHRENI SHARES LIMITED AS AN ASSOCIATE.
- WORKED AS A GRAPHIC DESIGNER AT EMINENCE BUSINESS MEDIA. THE IDEA STUDIO WORLD.

## RESIDENCE ADDRESS:

A/601, ANSHUL HEIGHTS,
NEAR VASANT COMPLEX,
MAHAVIR NAGAR EXTN ROAD,
KANDIVALI (WEST),
MUMBAI - 400 067.

## OFFICE ADDRESS:

217/317, HIVE 67 ICON,
ABOVE PANTALOONS,
NEAR RAGHULEELA MEGA MALL,
POISAR, KANDIVALI (WEST),
MUMBAI - 400 067.

## PERSONAL DETAILS:

- DATE OF BIRTH — 25TH FEBRUARY, 2000.
- BIRTH PLACE & TIME — MUMBAI, 09.45 PM.
- HEIGHT — 5' 1".
- WEIGHT — 52 KG.
- RELIGION — SHRI ZALAWADI VISHASHRIMALI STHANAKWASI JAIN.
- NATIVE PLACE — WADHWAN, SURENDRANAGAR, GUJARAT.
- HOBBIES — SPORTS, DANCE, MUSIC & TRAVELLING.
- EMAIL — riyaanshah2502@gmail.com

## FAMILY DETAILS:

FATHER - NIRAV JITENDRA SHAH (9892108869)
DEALING IN STOCK MARKET.

MOTHER - KOMAL NIRAV SHAH (9892633926)
YOGA INSTRUCTOR & HOME MAKER.

BROTHER - SAUMYA NIRAV SHAH (YOUNGER)
BMS GRADUATE.

## PARENTAL FAMILY DETAILS:

GRAND FATHER - SHRI JITENDRABHAI VRAJLAL SHAH (9146296600)
TALAWALA - NATHABHAWAN FAMILY
GRAND MOTHER - LATE SMT. SAROJBEN JITENDRABHAI SHAH

UNCLE - CHIRAG JITENDRABHAI SHAH (9820337365)
AUNT - HIRAL CHIRAG SHAH (9819669498)

FUVA - CA BHAVESHBHAI HIMMATLAL SHAH (7666590727)
FIA - SAPNA BHAVESHBHAI SHAH (9820993894)

## MATERNAL FAMILY DETAILS:

NANA - LATE SHRI HASMUKHLAL BHOGILAL GOPANI
NANI - SMT. JYOTSNABEN HASMUKHLAL GOPANI

MAMA - JIGNESH HASMUKHLAL GOPANI (9820089461)

MASA - NIRAV MAHENDRABHAI SHETH (9820594096)
MASI - NEHA NIRAV SHETH (9820893132)

Advt.




# શ્રી ઝાલાવાડી સભાની
# પ્રથમ ઈન્ટરનેશનલ ટૂર
# અજરબૈજાન બાકુની તસ્વીરી ઝલક

અહેવાલ પાના નં....૨૨

















FLAMINGO
transworld pvt. ltd.
You Travel We Care
BIGGEST Diwali OFFERS
WHY FLAMINGO?
Successfully Planned Holidays for more than 2,10,000 Families
In-house team of 150 Tour Managers
More than 50 Locations all over India
A Team of more than 250+ Committed Individuals
Tours to more than 80 Countries around the globe
Flamingo has a specific NRI Division to serve you better
Vietnam with Sapa Tour With Chef Tour
10 N | 11 D
27 Jul, 10Aug, 6Sep, 16, 25 Oct, 8, 20 Nov, 4, 19 Dec, 2025
Singapore Malaysia With Cruise
8 N | 9 D
10, 24 Jul, 7, 14, 21 Aug, 11, 18, 25 Sept, 2025
Singapore Malaysia Thailand With Cruise
12 N | 13 D
16, 17, 21 Oct, 2025
Scenic Sri Lanka
7 N | 8 D
18, 19, 22, 23 Oct, 2025
Amazing Australia
11 N | 12 D
23, 24 Oct, 2025
New Zealand with Tranzalpine Train
11 N | 12 D
17, 18 Oct, 2025
Opera House | Kandivali | Ghatkoper | Andheri
Kharghar | Thane | Mulund | Mira Road | Goregaon
SION OPENING SOON
+91 98199 30022
www.flamingotravels.co.in
Advt.







Supreme
FURNITURE






# SENIOR AGENCY

**AKSHAY SHAH: 98210 12193 / 77889 97781**

**Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.**

Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002

Advt.

# Mihaar

Where Fashion is an Expression

## Your one stop destination for exquisite women's Ethnic & Indo-Western clothing

offering size up to 7XL for every style and occasion.



**New Season, New Style – Festive & Wedding Wear 2025-26 is Here!**





*Customize to your fit - turn your old sarees into trendy outfits or start from scratch with our fabric.*

Operational Days & Time
Monday to Saturday - 11 am to 7 pm



**અમારે ત્યાં કુર્તી, કુર્તા પેન્ટ સેટસ, પંજાબી સુટ, કોર્ડ સેટ, ગાઉન, ફ્રોક્સ, સ્કર્ટ, જ્વેલરી અને ટોપની શરૂઆત ફક્ત રૂા. ૬૦૦/- થી...**

A-36, 3rd Floor, Shriram Ind. Est., 13, G.D. Ambekar Marg, Wadala (West)
10 Mins from Dadar East and Wadala Station.

Contact : 99671 90361 mihaarstories www.mihaar.in

Advt.

## સાભાર સ્વીકાર

કિશોરભાઈ ધીરજલાલ ગોસલીયાની ૫મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે આરતી કિશોર ગોસલીયા (હાલ - મલાડ)

| | |
|---|---|
| શ્રી સી.યુ.શાહ ઉચ્ચ શિક્ષણ ફંડ | ૩૦૦૦ |
| શ્રી પાણી પરબ ફંડ | ૩૦૦૦ |
| શ્રીમતી કંચનબેન વૃજલાલ શેઠ નોટબુક યોજના | ૨૦૦૦ |
| સ્વધર્મી સન્માન ફંડ | ૩૦૦૦ |
| કુલ રૂા. | ૧૧૦૦૦ |

## વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **પૂરવકુમાર** | **ઉર્વી** | | |
| શ્રી કેતનભાઈ જયેન્દ્રભાઈ મહેતાના સુપુત્ર (ગોળધાણા વિધી પ્રસંગે) મોરબી નિવાસી (હાલ-બોરીવલી) મુંબઈ) | | | |
| શ્રી વિકાસ ભોગીલાલ પરીખની સુપુત્રી (ગોળધાણા વિધી પ્રસંગે) વઢવાણ નિવાસી (હાલ-બોરીવલી - મુંબઈ) | | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **જય** | **જીલ** | | |
| ભારતીબેન દિપકભાઈ દેસાઈના સુપુત્ર થરાદ નિવાસી (હાલ -બોરીવલી (વે) મુંબઈ) | | | |
| દીપીકાબેન સંગમ ગોપાણીની સુપુત્રી પાળીયાદ નિવાસી (હાલ-કાંદિવલી (ઈ) મુંબઈ) | | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **જય** | **સલોની** | | |
| શ્રી અલ્પેશભાઈ જીવનલાલ શાહના સુપુત્ર પાટણ શહેર નિવાસી (હાલ - થાણા) | | | |
| શ્રી પિયુષભાઈ લલીતકુમાર વોરાની સુપુત્રી વઢવાણ શહેર નિવાસી (હાલ - મલાડ) | | ૧૦૨૧ | ૧૦૨૧ |
| **ભારત** | **માનસી** | | |
| શ્રી હરેશભાઈ મણીલાલ સંઘવીના સુપુત્ર આનંદપુર ભાડલા નિવાસી (હાલ - કાંદિવલી) | | | |
| શ્રી ભદ્રેશભાઈ મનુભાઈ શાહની સુપુત્રી દહેગામ નિવાસી (હાલ - કાંદિવલી) | | ૧૦૧૦ | ૧૦૧૦ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **સાગર-હિલોની** | | |
| હિનાબેન કિર્તીભાઈ રતિલાલ શાહના સુપુત્ર સાવરકુંડલા નિવાસી (હાલ-ઘાટકોપર) | | |
| દિપાલીબેન નૈનેશભાઈ હરિશકુમાર સંઘવીની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - ઘાટકોપર) | ૨૫૦૦ | ૨૫૦૦ |

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ**
**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
**આયોજિત**
**માતુશ્રી કંચનબેન વૃજલાલ ત્રિકમલાલ શેઠ પરિવાર**
**અને શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવાર**
**પ્રેરિત**

## કોલેજ પાઠ્યપુસ્તક યોજના

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે ઉપરોક્ત યોજના અન્વયે સભાના સભ્યોના સંતાનોને કોલેજ ના પાઠ્યપુસ્તક લેવા માટે ૫૦% સુધીની રાહત આપવામાં આવશે.

તમોએ ખરીદેલ પાઠ્યપુસ્તકના બિલની સામે ૫૦% સુધીનો ચેક (વધુમા વધુ રૂા. ૨૫૦૦) તમારા ખાતામાં જમા કરવામાં આવશે.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા કોલેજના વિદ્યાર્થીઓએ (૧) ગત્ વર્ષનું રિઝલ્ટ (૨) ઈલેક્ટ્રીક બિલ (૩) મેમ્બરશીપ કાર્ડની Photocopy મોકલવાની રહેશે સાથે S.S.C પછીના કોલેજના કોઈ પણ અભ્યાસક્રમ માટે ખરીદેલ (૪) પાઠ્યપુસ્તકનું બિલ તેમ જ (૫) Cancelled Cheque સભાની ઓફિસે આપવાના રહેશે.

તમોએ submit કરેલ ઉપરોક્ત documents ચકાસીને ૩૦ દિવસની અંદર તમારા બિલના ૫૦% અથવા રૂા. ૨૫૦૦ (બંનેમાંથી જે ઓછું હશે તે) તમારા ખાતામાં જમા કરવામાં આવશે.

વિદ્યાર્થી મિત્રોને ઉપરોક્ત યોજનાનો લાભ લેવા વિનંતી.

**વધુ વિગત માટે સંપર્ક**
**મિલનભાઈ તુરખિયા – 9860125136**
**નિરવભાઈ શાહ – 9819012468**

**માનદ્ મંત્રીશ્રી**

**''બંગલો વેચવાનો છે''**
(નાની સોસાયટી)
શ્રીમદ આશ્રમની બાજુમાં,
લામ રોડ, દેવલાલી
**M : ૮૭૭૯૯૨૯૫૫૮**
Advt.



# પંડિતા રમાબાઈ

**મૂળશંકર પ્રા. ભટ્ટ**

દક્ષિણ કર્ણાટકના એક ગામડામાં ૧૮૫૮માં જન્મેલી રમા નાની હતી ત્યારે પિતા અનંતશાસ્ત્રી અને માતાની સાથે તીર્થયાત્રામાં જોડાવાનું તેના ભાગ્યમાં આવ્યું. જોડે એક ભાઈ ને બીજી બહેન. જે ગામે આવે ત્યાં પિતા વિદ્વાનો સાથે વાદવિવાદ કરે ને પછી આગળ જાય. પંદરેક વર્ષ ચાલેલી આ યાત્રા દરમિયાન રમા બધી ચર્ચાઓ ધ્યાન દઈને સાંભળતી રહી. મોટા ભાઈને પિતા સંધ્યા શીખવતા, તેના બધા મંત્રો રમા પણ સાથે સાથે બોલતી જતી.

૧૮૭૬-૭૭માં દક્ષિણમાં ભારે દુકાળ પડ્યો ત્યારે પિતાએ તેમની બધી મિલકત દાનમાં આપી દીધી. ભીખ માગવી પડે એવો વખત આવ્યો. બધાં જંગલમાં ગયાં ત્યાં પિતાએ સંન્યાસ લીધો. બાકીનાંને જળસમાધિ લેવાનો વિચાર આવ્યો, પણ તે છોડીને આગળ ચાલ્યાં. વાટમાં પહેલાં પિતાનો, પછી માતાનો ને છેવટે બીજી બહેનનો પણ દેહ પડ્યો. બાકી રહેલ ભાઈ અને રમા કાશ્મીરથી બંગાળ સુધી ખૂબ રખડ્યાં. જેમતેમ જીવન ટકાવ્યું. તીર્થક્ષેત્રોમાં સંન્યાસીઓથી માંડીને લૂંટારા સુધીના ભાતભાતના લોકોના સંપર્કમાં આવ્યાં. અંતે કલકત્તા પહોંચ્યાં ત્યાં જાણે કે માનવસમાજમાં પાછાં ફર્યાં.

માત્ર શરીર પરનાં વસ્ત્રો સાથે આવેલી આ વીસ વરસની તેજસ્વી તરુણીએ કલકત્તાના એક મંદિરમાં સંસ્કૃત ભાષાના પોતાના જ્ઞાનની ઝાંખી કરાવી. ભાઈ-બહેન ભૂખમરાથી કૃશ થયેલાં હતાં, પણ જ્ઞાન અને સંસ્કારિતાનું તેજ તેમનાં મુખ પર દેખાતું હતું. કલકત્તામાં વાત ફેલાઈ કે બાઈ તો સરસ્વતીના અવતાર જેવી છે. ઠેકઠેકાણે સભાઓમાં પ્રવચન આપવાનાં નિમંત્રણ મળવા લાગ્યાં.

દરમિયાન ભાઈનું પણ અવસાન થયું. હવે રમાબાઈ એકલાં રહ્યાં. બિપિનબિહારી દાસ નામના યુવાને માગણી મૂકી અને બંને લગ્નગ્રંથિથી જોડાયાં. પણ પતિ હરિજન હોવાથી લોકોમાં રમાબાઈની નિંદા ચાલી. બાળપણથી ધર્મપાલન કરતી આવેલી આ સ્ત્રી હવે હિંદુ ધર્મ વિશે સાશંક બનતી જતી હતી. પુત્રી મનોરમાના જન્મ પછી પતિ કોગળિયામાં મૃત્યુ પામ્યા. દેશમુખ અને રાનડે જેવા અગ્રણીઓએ રમાબાઈને મહારાષ્ટ્રમાં આવીને કામ કરવા આગ્રહ કર્યો. ૧૮૮૨માં પુણે આવીને એમણે સ્ત્રીજાગૃતિનું કાર્ય ઉપાડ્યું. 'આર્ય મહિલા સમાજ' નામની સંસ્થા ઊભી કરી. પછીને વરસે રમાબાઈએ લૉર્ડ હંટર સમક્ષ મરાઠીમાં વિવાદ ચલાવ્યો. એમની દલીલોથી પ્રભાવિત થયેલા હંટર ઈંગ્લંડ પાછા ફર્યા ત્યારે વિવાદનું અંગ્રેજી ભાષાંતર રાણી વિક્ટોરિયાને વાંચી સંભળાવ્યું. રાણી રીઝ્યાં.

માતા-પુત્રી ઈંગ્લંડ ગયાં. ત્યાં ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો. ત્યાંની કૉલેજમાં નોકરી કરતાં અંગ્રેજી શીખી ગયાં. અમેરિકાથી આમંત્રણ મળતાં ત્યાં ગયાં. ખૂબ માન મળ્યું. અંતે ભારત પાછાં ફરી મુંબઈમાં વિધવાઓને સહાય કરવા 'શારદા સદન'ની સ્થાપના કરી. લોકોના વિરોધ વચ્ચે પણ. જીવ્યાં ત્યાં લગી લગી સંગીન કામ કરતાં રહ્યાં.

❖❖❖

## રકઝક

દાતણ વેચનારાં સાથે ભાવની રકઝક કરતાં ભલભલાં ભાઈબહેનોને આપણે જોઈએ છીએ. રોજિંદા વહેવારની એવી જ નજીવી કિંમતની વસ્તુઓ વેચતાં ગરીબો સાથે એ જાતનો વ્યવહાર કરતાં ઘણાં ભણેલાંગણેલાં ને સાધનસંપન્ન લોકો જોવા મળે છે જેમ કે – મોંઘા ભાવનો ઘાસચારો ગાયભેંશને ખવરાવી, ઢોરની સાથે ઢોર બનીને વૈતરું કરી દૂધ વેચતા માલધારીઓ સાથે.

તાવડી-માટલાં, કૂંડાં વગેરે માટીનાં વાસણો બનાવી વેચનારા કુંભાર સાથે.

દૂરદૂરથી ખજૂરીનાં પાન અને બીજી વસ્તુઓ લાવી તેનાં સાવરણી-સાવરણા બનાવી વેચનારાં સાથે.

સીમમાંથી ખડ-બળતણ વાઢી-વીણી લાવી તેની ભારીઓ વેચતી કોઈ વિધવા બાઈ સાથે.

દૂરથી જેને જોતાં પણ સૂગ ચડે તેવું મેલું આપણા પાયખાનામાંથી માથે ઉપાડી જનાર ભંગી ભાઈબહેનોને મહેનતાનું આપતી વખતે.

શાકભાજી ખરીદતી વખતે તો રકઝકની આપણી કળા પૂરેપૂરી ખીલી ઊઠે છે. સાંજ પડી ગઈ હોય ને ઘેર જવા અધીરાં બનેલાં શાકવાળાં સ્ત્રીપુરુષો વધેલો માલ ઝટ વેચી દેવાની ઉતાવળમાં હોય, ત્યારે તેમની લાચારીનો લાભ લેવાનું આપણે બિલકુલ ચૂકતાં નથી.


પણ મોટી દુકાનો ને મોંઘી હોટલમાં જઈએ છીએ ત્યારે તો ત્યાંના ભાવ વાજબી છે કે ગેરવાજબી તેની રકઝકમાં પડ્યા વિના, આપણે બિલ ચૂકવીને ચાલતી પકડીએ છીએ.

(પુનઃરચના માસિક : ૧૯૭૦)

# યાજ્ઞવલ્ક્ય-મૈત્રેયી-કથા

**સ્વામિ સચ્ચિદાનંદ**

જીવનનું લક્ષ્ય પ્રથમથી જ એક ન હોવું જોઈએ, લક્ષ્યની કડીઓ હોય. સાંકળની કડીઓની માફક એક પછી એક કડી આવતી રહે અને પછી સાંકળ પૂરી થઈ જાય. ઘણા લોકો કડી વિનાનું જીવન માનીને પ્રથમથી જ એક લક્ષ્ય (મોક્ષ) સ્વીકારીને બીજાં બધાં લક્ષ્યો ત્યજી દેતા હોય છે. આ ઋષિમાર્ગ ન કહેવાય. ઋષિમાર્ગમાં પ્રથમ અધ્યયન પછી લગ્ન, વૈવાહિક જીવન પછી અધ્યાપન, સમાજ અને રાષ્ટ્ર માટે પ્રદાન, પછી માનવતા અને અંતે મોક્ષનું લક્ષ્ય રખાયું છે. આમ એક પછી એક કડીઓ વટાવતાં-વટાવતાં છેવટે મોક્ષ-કડી પ્રાપ્ત કરવાની હોય છે. પહેલાં રાગ, પછી અનુરાગ અને પછી વૈરાગ્ય. રાગ-અનુરાગ વિનાનો વૈરાગ્ય દૃઢ નથી હોતો, ક્ષણિક હોય છે, કારણ કે તે કારણ વિનાનો વૈરાગ્ય હોય છે. વૈરાગ્યનું કારણ તો રાગ છે. જેને રાગ થયો નથી તેને સાચો વૈરાગ્ય પણ થતો નથી. રાગ કુદરતસહજ વૃત્તિ છે. જીવમાત્રને રાગ હોય છે. રાગનું મુખ્ય કેન્દ્ર તો સુખ જ હોય છે. જ્યાં-જ્યાંથી સુખ મળતું હોય અથવા મળવાની સંભાવના હોય ત્યાં રાગ થતો હોય છે. આવા રાગનાં બે કેન્દ્રો છે : કાંચન અને કામિની. કાંચન એટલે ધન અને કામિની એટલે સ્ત્રી. પશુપક્ષીઓને કાંચન-રાગ નથી હોતો. તે ધનલોભી નથી હોતાં. તેમની પાસે ધન હોતું જ નથી. તેમને માત્ર કામિનીરાગ હોય છે, તે પણ કામ-પિરિયડ પૂરતો જ. જે પશુ-પક્ષીઓ એકાકી રહેતાં હોય છે, તેમને કામોત્તેજનાકાળમાં જ માદામોહ પેદા થાય છે. આ કાળ વીત્યા પછી તેમને માદામોહ રહેતો નથી. એમ કહી શકાય કે બાર મહિનામાં માત્ર એકાદ મહિનો જ માદામોહ રહેતો હોય છે. પછી બાકીના અગિયાર મહિના તે લગભગ વીતરાગ જેવાં થઈ જતાં હોય છે. તેમને ધનરાગ તો હોતો નથી. માદારાગ પણ એકાદ મહિનો રહ્યા પછી તે વીતરાગ જેવી દશામાં આવી જતાં હોય છે. આ કાળમાં માત્ર તેમને આહારરાગ જ હોય છે.



આહાર તો ત્યાગીઓને પણ છોડતો નથી. આ દૃષ્ટિએ જોઈએ તો પશુ-પક્ષીઓ વગેરેની સ્થિતિ માણસ કરતાં ઊંચી કહેવાય. જે પશુ-પક્ષીઓ વગેરે સમૂહમાં રહે છે તેમને માદા પ્રત્યે વાસરાગ રહે છે. વાસરાગ એટલે સાથે રહેવાની ઈચ્છા. તે બધાં સમૂહમાં સાથે રહે છે. પણ તેમનો વાસનારાગ તો થોડા સમય પૂરતો જ હોય છે, પછી નહીં. સાથે રહેવા છતાં તે કામભોગી નથી રહેતાં.

માણસનું આવું નથી. માણસ સદા કામરાગી અને ધનરાગી રહે છે. તેનો અતિરેક તેને સુખી કરતાં દુઃખી વધુ કરે છે. તેથી ધન અને સ્ત્રીથી વીતરાગ થવાનો ઉપદેશ અપાતો રહ્યો છે. ધનથી વીતરાગ થવાથી ધનત્યાગી અને સ્ત્રીથી વીતરાગ થવાથી સ્ત્રીત્યાગી થવાની પદ્ધતિ મોક્ષમાર્ગમાં પ્રચલિત થઈ હતી. કાંચન-કામિનીના ત્યાગી પૂજ્ય મનાતા અને ધનધન્ય ગણાતા હતા. પણ ઋષિમાર્ગમાં આવો ત્યાગ સીમિત મર્યાદામાં જ સ્વીકારાયો હતો. ધનત્યાગ એવો ન હોય કે ત્યાગી વ્યક્તિ પરોપજીવી થઈ જાય, અર્થાત્ તે પરાન્નભોજી થઈ જાય. ધનની હાયહાય ન હોવી જોઈએ, પણ સ્વાવલંબીપણું તો હોવું જ જોઈએ. પોતાની ઓછામાં ઓછી આવશ્યકતાઓ પોતાના દ્વારા જ પૂરી પડાય તો તે સ્વાવલંબીપણું કહેવાય. પરાવલંબી થવા કરતાં સ્વાવલંબી થવું સારું. જે ખુમારી સ્વાવલંબીને રહે છે તે પરાવલંબીને નથી રહેતી. તેથી સ્વાવલંબિતા પૂરતું ધન જીવનજરૂરી છે. કબીરનું અમર વચન યાદ રહેવું જોઈએ:

***સાહબ ઈતના દીજીઓ જામે કુટુંબ સમાય,***
***મૈં ભી ભૂખા ના રહું, સાધુ ભૂખા ના જાય.***

અર્થાત્ હે પ્રભો, મને એટલું તો જરૂર આપજો કે જેમાં મારા કુટુંબનું પોષણ થાય. હું ભૂખ્યો ન રહું અને મારે આંગણે આવેલો સાધુ-અતિથિ પણ ભૂખ્યો ન જાય. આ ધનનું સ્વાવલંબીપણું છે. ધનસંતોષથી તે આવતું હોય છે અને ટકતું હોય છે.

જે લોકો સર્વથા ધનત્યાગી થઈ જતા હોય છે તે પરાવલંબી થઈ જતા હોય છે. જોકે તેમના પ્રત્યેના અહોભાવથી લોકો તેમની પ્રત્યેક આવશ્યકતા હોંશે-હોંશે શ્રદ્ધાપૂર્વક પૂરી કરતા હોય છે તોપણ અંતે તો તે પરાશ્રિતપણું જ કહેવાય. આવા ત્યાગી લોકોનું શ્રદ્ધાધન પ્રબળ હોય છે પણ આવું શ્રદ્ધાધન ઘટી ન જાય તેનાં ચિંતા અને ભય પણ રહેતાં હોય છે. તેથી શ્રદ્ધાળુઓને ગમે તેવું જ જીવન જીવવાની વૃત્તિ રાખવી જરૂરી થઈ જાય છે. શ્રદ્ધાળુઓને ન ગમતું

જીવન, સાચું હોય તોપણ, જીવી શકાતું નથી. આ પરાશ્રિતપણાની લાચારી જ કહેવાય. સ્વાવલંબી વ્યક્તિમાં જે મસ્તી અને ખુમારી રહે છે તેવી ખુમારી અને મસ્તી આવા ત્યાગી લોકોમાં નથી રહેતી. તેથી પોતાની ન્યૂન આવશ્યકતા પૂરતું ધન પણ પોતાના દ્વારા ઉપાર્જિત કરવું તે હિતાવહ કહેવાય. તેમાં સંતોષ રહે તો તૃપ્તિ થાય. આવો અને આટલો ધનરાગ સુખદાયી બની શકે છે. આ ઋષિમાર્ગ કહેવાય. એવા ત્યાગી ન થાઓ કે તમારો રોટલો પણ પરાધીન થઈ જાય. ઓછામાં ઓછું રોટલો તો પોતાનો જ ખાવો જોઈએ.

આવું જ સ્ત્રીરાગનું પણ છે. કામવાસનાથી થનારો સ્ત્રીરાગ જો મર્યાદા બહારનો અને અંતિમ છેડાનો હોય તો તે દુઃખદાયી છે. પણ જો તે ધર્મમર્યાદા અને સંયમપૂર્વકનો હોય તો તે કલ્યાણકારી પણ થઈ શકે છે. તેનો આત્યંતિક ત્યાગ પણ પ્રશ્નો ઊભા કરે છે. ધનની માફક તેમાં પણ સંતોષ અને મર્યાદા હોય તો તે જીવન માટે સાધક બને છે, બાધક નહીં. આત્યંતિક કામત્યાગ શક્ય જ નથી. હા, આત્યંતિક સ્ત્રીત્યાગ શક્ય છે. પણ સ્ત્રીત્યાગ-માત્રથી કામત્યાગ થઈ જતો નથી. કામનાં હજાર મુખ છે. આત્યંતિક સ્ત્રીત્યાગીઓ પણ બીજી રીતે કામના ઝપાટામાં આવી જ જતા હોય છે, જે અહિતકારી બની જાય છે. કુદરતવિરોધી કામભોગ અંતે તો વિનાશ જ સર્જતો હોય છે. તેથી કુદરતસહજ માર્ગે ચાલીને સંતોષપૂર્વક મર્યાદામાં સ્ત્રીરાગી થવું એ ઋષિમાર્ગ છે. મર્યાદાભંગ અને અતિરેક ન થાય તો આ ઋષિમાર્ગ કલ્યાણકારી થઈ શકે છે.

અહીં એવા જ એક મહાન ઋષિની કથાનું ચિત્રણ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ઉપનિષદોના બધા ઋષિઓમાં સૌથી મહાન ઋષિ યાજ્ઞવલ્ક્ય છે. તેમણે મૈત્રેયી સાથે લગ્ન કર્યાં, પણ લાગે છે ઘણી પ્રતિક્ષા પછી પણ કોઈ સંતાન ન થયું. સંસારી જીવનની પ્રથમ સફળતા યોગ્ય પાત્ર સાથે લગ્ન થવું તે છે. બીજી સફળતા દામ્પત્ય જામવું તે છે. બધાં લગ્નોનાં દામ્પત્ય જામતાં નથી. જે નથી જામતાં તે લગ્નજીવન ધન્ય નથી બનતાં. તે નિષ્ફળ લગ્ન કહેવાય. છૂટાં ન થયાં હોય તોપણ તે નિષ્ફળ જ કહેવાય. આમ જુઓ તો છૂટાં થયેલાં સારાં, પણ નિષ્ફળતાને પાકી ગાંઠમાં જીવનભર બાંધી રાખવી તે કાયમી જીવનપીડા બની જાય. કાંટો કાઢી નાખવો સારો, પણ કાંટાને જીવનભર પગમાં રહેવા દેવો તે જીવનપીડા જ કહેવાય. ત્રીજી સફળતા સંતાનપ્રાપ્તિ છે. દામ્પત્ય જામ્યા પછી જો સંતાન પ્રાપ્ત ન થાય તો તે અર્ધનિષ્ફળતા જ કહેવાય. સુયોગ્ય સંતાન પ્રાપ્ત થઈ જાય પછી સંસારી જીવન ધન્યધન્ય થઈ જાય. યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીનું દામ્પત્ય ખૂબ જામ્યું પણ સંતાનપ્રાપ્તિ ન થઈ. તેથી મૈત્રેયીના જ આગ્રહથી યાજ્ઞવલ્ક્ય બીજું લગ્ન કર્યું. નવી વહુ કાત્યાયની આવી. કાત્યાયની શું આવી, ઘરમાં પનોતી આવી. પનોતી દુઃખ ન દે તેટલું કુપત્ની દુઃખ આપે. પનોતી તો અઢી, સાડા પાંચ કે સાડા સાત વર્ષે ઊતરી જાય, પણ કુપત્ની તો ઊતરવાનું નામ જ ન લે. કાત્યાયનીના સ્વભાવ અને વ્યવહારથી યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયી બંને દુઃખીદુઃખી થઈ ગયાં. પત્નીના ત્રણ ત્રાસ સમર્થ પુરુષને પણ ભાંગી નાખતા હોય છેઃ (૧) ચારિત્રત્રાસ, (૨) સ્વભાવત્રાસ અને (૩) વિશ્વાસ-હાનિત્રાસ. આ ત્રણે ત્રાસ જે પત્નીમાં ભેગા થયા હોય તેનો પતિ સાક્ષાત્ ઈશ્વર હોય તોપણ તે હારીથાકી જાય. કાત્યાયનીનું ચારિત્ર તો સારું હતું. પણ ઉપનિષદકાર તેને ''સ્ત્રીપ્રજ્ઞા'' એવું વિશેષણ આપે છે, જેમાં ઘણુંઘણું આવી જાય છે. સ્ત્રીપ્રજ્ઞા એટલે ન તૃપ્ત થનારી ભોગલાલસા. પોતાનું ધાર્યું જ કરાવવાની હઠ, શંકા અને ટૂંકી બુદ્ધિ - આ બધું ભેગું થાય એટલે પતિ માટે પત્ની વિશ્રાન્તિનું સ્થળ મટીને ધગધગતી હોળીનું – અશાંતિનું રૂપ થઈ જાય. આવો પતિ ઘરમાં પડ્યો રહે તો સમજવું કે તે કાં તો પૂર્ણ જ્ઞાની છે અથવા પૂર્ણ નમાલો છે.

ત્યારે ઊંચી જ્ઞાતિના ખાનદાન માણસો છૂટાછેડા લઈ શકતા નહીં, તેથી ધગધગતી હોળી વચ્ચે જીવન જીવ્યે રાખતા. ખાનદાની પણ અભિશાપ બની જતી! પત્ની ત્યાગીને ગૃહત્યાગી થનારા મોટા ભાગના ત્યાગીઓના ત્યાગ-વૈરાગ્યમાં તેમની પત્નીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય છે. જેને વહાલી અને આજ્ઞાંકિત વફાદાર પત્ની હોય તે ગૃહત્યાગનો વિચાર પણ ન કરે. બધા વૈરાગ્યોમાં સ્ત્રીવૈરાગ્ય સૌથી પ્રબળ હોય છે. સ્ત્રી પહેલાં રાગ કરાવે પછી પુરુષને ઊભો વેતરી નાખે, તેથી વૈરાગ્ય થાય, જેમ ભર્તૃહરિ રાજાને પિંગલાએ વેતરી નાખ્યો હતો. આ રાગ પછીનો વૈરાગ્ય છે, જે હૃદય ચીરીને થતો હોય છે. આ હૃદયના ચીરાને જીવનભર રૂઝ આવતી નથી. ઈશ્વરે શરીરનાં બધાં મહત્ત્વનાં અંગોમાં ઍન્ટિસેપ્ટિક રસાયણ મૂક્યું છે જેથી આપોઆપ રૂઝ આવી જાય છે. જેમ કે મોઢામાં થૂંક ઍન્ટિસેપ્ટિક છે તેથી મોઢાનો ઘા રૂઝાઈ જાય છે. આંખ-કાન-નાક બધાંમાં આવાં તત્ત્વો છે. મૂત્ર તો સાક્ષાત્ ઍન્ટિસેપ્ટિક ચે. પરમેશ્વરે જાતે જ રૂઝ લાવવા માટે આખા શરીરમાં આવી રચના કરી છે, પણ હૃદયમાં આવું ઍન્ટિસેપ્ટિક મૂકવાનું ભૂલી ગયો લાગે છે. જો હૃદયમાં ઘા વાગ્યો હોય તો તે રૂઝાવાનું

નામ જ ન લે. તે પાકીને દૂઝયા જ કરે, જીવનભર દૂઝતો રહે. તેમાંથી કરુણ કવિતાઓ નીકળે અને લોકોને અશ્રુતરબોળ કરી દે. પણ યાદ રહે, આ હૃદયનો ઘા માત્રતેને જ વાગતો હોય છે જેની પાસે હૃદય હોય; જે હૃદયહીન હોય તેને ઘા ન વાગે. હૃદયના ઘાથી ઘાયલ થયેલા માણસને જે ઘાયલ હોય તે જ સમજી શકે. હૃદય વિનાની માત્ર શારીરિક ક્રિયાઓમાં જ જીવનને ધન્ય માનનારા ઘાયલને સમજી શકે નહીં.

*ઘાયલ કી ગત ઘાયલ જાણે,*
*જો કોઈ ઘાયલ હોઈ.*

યાજ્ઞવલ્ક્ય સ્ત્રીપ્રજ્ઞા કાત્યાયનીથી બહુ દુઃખી હતા. તેમણે વિચાર કર્યો કે આમ ને આમ જીવન પૂરું કરવાનો કશો અર્થ નથી. ભડભડતા અગ્નિમાં ગમે તેટલું હોમો તોપણ અગ્નિ કદી સંતુષ્ટ થવાનો નથી. અગ્નિને ઘી કદી જીતી શકે નહીં. હારીને ભાગવામાં જ કલ્યાણ છે, તેથી તેમણે ગૃહત્યાગનો વિચાર કર્યો, કારણ કે હવે વાનપ્રસ્થ થવાની ઉંમર પણ થઈ ગઈ હતી. પણ જતાં પહેલાં તેમણે પોતાની સંપત્તિની પૂરી વ્યવસ્થા કરી દેવી ઉચિત સમજી, જેથી પાછળથી બંને પત્નીઓ વચ્ચે કલહ ન થાય. અને કદાચ કલહ થાય તો કાત્યાયની જ જીતે, મૈત્રેયી તો હારી જ જાય; કારણ કે તે ઝઘડાળુ વૃત્તિની નથી. જુઓ, ઉપનિષદ કેવું લખે છે.

**''યાજ્ઞવલ્ક્યસ્ય દ્વે ભાર્યે બભુવતુઃ**
**મૈત્રેયી ચ કાત્યાયની ચ।**
**તયોર્હ મૈત્રેયી બ્રહ્મવાદિની**
**બભુવ સ્ત્રીપ્રજ્ઞેવ... ત।**
**મૈત્રેયીતિ હોવાચ યાજ્ઞવલ્ક્ય ઉદ્યાસ્યન્વા**
**અરેહમસ્યાત્સ્થાનાદસ્મિ હસ્ત**
**તેનયા કાત્યાયન્યાન્તં કરવાણીતિ।।૧।।**

યાજ્ઞવલ્ક્યને બે પત્નીઓ હતી : ૧. મૈત્રેયી અને બીજી કાત્યાયની. મૈત્રીયી પતિ જેવી બ્રહ્મવાદિની હતી અને કાત્યાયની સ્ત્રીપ્રકૃતિની હતી. ગૃહત્યાગ કરતાં પહેલાં યાજ્ઞવલ્ક્યે મૈત્રેયીને બોલાવીને કહ્યું કે ''જતાં પહેલાં હું તમારો બંનેનો ભાગ વહેંચી આપું જેથી પાછળથી તમારે કલહ ન થાય.'' જે માણસ આગળનો વિચાર કરે તે ડાહ્યો કહેવાય... પણ જે માણસ પાછળનો પણ વિચાર કરે તે પૂરો ડાહ્યો કહેવાય. ગૃહત્યાગ કર્યા પછી ઘરમાં પત્ની-બાળકોનું શું થશે તેનો વિચાર કર્યા વિના ચૂપચાપ રાતોરાત ગૃહત્યાગ કરી દે તેને શું કહેવું ?

મૈત્રેયી યાજ્ઞવલ્ક્યની નજીક આવી અને નમ્રતાપૂર્વક મીઠી વાણીમાં પૂછવા લાગી કે ''તમે કયાં જાઓ છો ?'' યાજ્ઞવલ્ક્યે જવાબ આપ્યો કે ''અમર થવા જાઉં છું. આ મર્ત્યલોક છે. અહીં બધાં જન્મી-જન્મીને મરતાં રહે છે. હવે મારે મર્ત્યલોકમાં આવવું નથી તેથી અમર થવા માટે જાઉં છું.'' યાજ્ઞવલ્ક્યનો ઉત્તર સાંભળીને મૈત્રેયી બોલી : ''મને છોડીને અમર થવા જાઓ છો ? મેં શો ગુનો કર્યો છે ? મેં તમને જીવનભર સાથ આપ્યો છે. તમારી છાયાની માફક પાછળ-પાછળ ફરી છું. હવે મને પણ અમર થવા સાથે લઈ જાઓ ને ?''

યાજ્ઞવલ્ક્યે કહ્યું કે ''સ્ત્રીઓમાં વૈરાગ્ય નથી રહેતો. તે રાગનું જીવન પસંદ કરે છે. તેને ક્ષણિક સુખોમાં જ રુચિ હોય છે, એટલે તું અને કાત્યાયની બંને મારી સંપત્તિ ભોગવજો. મને એકલાને જ જવા દે.'' ત્યારે મૈત્રેયીએ કહ્યું કે -

**સા હોવાચ મૈત્રેયી। યન્નુ મ ઇયં ભગોઃ સર્વા પૃથિવી વિત્તેન પૂર્ણા સ્યાત્કથં તેનામૃતા સ્યામિતિ...''**

